॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

પ્રકાશન દર માસની ૭ તારીખે સળંગ અંક ૪૬૦, સપ્ટેમ્બર–૨૦૨૪, રૂા. ૫.૦૦/–





ભુજ મંદિરે વિશેષ હીંડોળાનું ઉદઘાટન કરતા પૂજ્ય મહંત સ્વામી આદી સંતો તથા યજમાનશ્રીઓ



એક મહિના સુધી ભુજ, પ્રસાદી મંદિર- ભુજ, અંજાર તથા માંડવી મંદિરે હીંડોળા ઉત્સવ ધામધૂમથી ઉજવાયો



ભગવાન શ્રી કૃષ્ણના પ્રાગટ્યની
આરતી કરતા પૂજ્ય મહંત સ્વામી
ધર્મનંદનદાસજી



ભુજ મંદિરના મહંત સ.ગુ. સ્વામી ધર્મનંદનદાસજી,
સ. ગુ. ઉપમહંત સ્વામી તથા કોઠારી જાદવજી ભગત સહિત
સંતો તથા પ. ભ. પરબતભાઇ શિયાણી
મંદિરની સિક્યોરિટીના સભ્યો સાથે અયોધ્યાના
ભવ્ય મંદિરમાં બિરાજી દર્શન આપતા મર્યાદા પુરુષોત્તમ
ભગવાન શ્રીરામના દર્શને પધાર્યા ત્યારની ઝલક

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः ।
रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै : ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ વર્ષ-૧૮ કુલ અંક-૨૦૩

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૪ અંક-૭ સપ્ટેમ્બર-૨૦૨૪
વર્ષ : ૪૦ - સળંગ અંક-૪૬૪

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજના શુભાશીર્વાદથી

**:: સંસ્થાપક ::**
અ.નિ.સ.ગુ.પુ. મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

**:: માલિક ::**
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

**:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::**
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ,
તીર્થધામ ભુજ-કચ્છ વતી શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું.

**:: તંત્રી ::**
શા. સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

**:: સહતંત્રી ::**
શા. સ્વામી અક્ષરપ્રિયદાસજી, સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી

**:: પત્રવ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ ::**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ માર્ગ,
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ,
ભુજ-કચ્છ પીનઃ ૩૭૦૦૦૧.
મો. ૭૫૬૭૬૦૪૦૦૦
E-mail:- sandesh@swaminarayan.faith
E-mail:- info@swaminarayan.faith
Website:- www.swaminarayan.faith




ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| તંત્રીની કલમે | ૩ |
| સત્સંગ સમાચાર-દેશ | ૧૧ |
| સત્સંગ સમાચાર-વિદેશ | ૨૬ |
| શ્રી ઘનશ્યામ બાળસંદેશ | ૨૭ |


### લેખકોને ખાસ વિનંતી

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખકની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર-અસ્વીકારની સત્તા તંત્રીઓની છે.
  કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.


- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો.

**વિદેશમાં**
આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૧૦૦૧/-

**દેશમાં**
આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-

# તંત્રીની કલમે

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના અનેકવિધતા સભર ધાર્મિક સાહિત્ય આદેશાત્મક સ્વરૂપે જે સર્જાયું છે અને હજારો વર્ષો બાદ કલિયુગી જીવનશૈલીને ફરી પાછી પાટે ચડાવવા શ્રીજી મહારાજે જે પ્રસિદ્ધિ કરી છે તે આવતા હજારો વર્ષોમાં માનવજીવનાચ્છાદિત રહેશે અને સર્વે જીવોને મુક્તિમાર્ગે અગ્રસર કરતી રહેશે.

**"વ્હાલા, શિક્ષાપત્રીના શ્લોકે શ્લોકે, મારાં નમણાં નેણ અશ્રુએ ભિંજાણાં;**
**જન્મયો તો કર્મની લેતી-દેતી ચૂકવવા, કૃપાળુ શ્રીહરિએ ભૂલભૂલામણીથી છોડાવ્યાં."**

મંદિરમાં આવન-જાવન કરતા એક સત્સંગીએ પ્રસાદ સ્વરૂપે મને 'શિક્ષાપત્રી' ભેટ આપી. મેં સંસારીએ પુસ્તક સમજી તેને અભેરાઇ પર ચડાવી દીધી. વાત તો ભૂલાઇ ગઇ, પરંતુ મને સંસારે જ્યારે અસહાય પજવ્યો ત્યારે, મારા ભાગ્યે એજ અભેરાઇ પરથી ભેટ મળેલ 'શિક્ષાપત્રી' મને હાથ ચડી ગઇ અને આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી છૂટવા મેં તેના પાનાઓને ઉથલ-પુથલ કરતાં પાના ફેરવ્યા કર્યા ને મારું ચકળ-વિકળ મન કોણ જાણે ક્યારે ધોળા પાનાના કાળા અક્ષરોમાંથી મને જ મારું જીવન દર્શન કરાવવા લાગ્યું જેથી મારું મન શાતા અનુભવતું ઊંડું ને ઊંડું ઊતરવા લાગ્યું.

હવે મને મોટી ઉંમર વટાવી ગયા પછી મારો અમૂલ્ય સમય અને વેડફાઇ ગયેલા કર્મો મને નરી આંખે દેખાવા લાગ્યાં....!!

મારું મન સંસાર અને આધ્યત્મિક જીવનની તુલના કરવા લાગ્યું. હું સંસારના વ્યવહારો, સાંસારિક આનંદ પ્રમોદ પામવા નાની મોટી વાર્તાઓ, નાટકો, કાવ્યો, મુક્તકો ને કાનમાં ભરભરાટી કરતા પ્રવચનોથી સદંતર હવે કંટાળેલો લાગ્યો અને સ્વામિનારાયણ સંપ્રદાયનું ધર્મ, આધ્યાત્મિકતા અને નૈતિકતા ભર્યું માનવ જીવન દર્શન કરાવતાં ભજનો, કીર્તનો, દુહાઓ, તાળીઓ પડાવતી ધૂનો અને સત્સંગીઓ સાથેના મિલનમાં આનંદ અને મધુરતા લાગવા લાગી. ક્યાં સેલ્યૂલોઇડના કચકડે મઢી અને કેમેરાની યુક્તિ-પ્રયુક્તિ ભરી ઉતરતી કક્ષાની ફિલ્મો અને ક્યાં જીવિત મનુષ્યોના જીવનદર્શન કરાવતી કથાઓનો અદ્‌ભુત આનંદ....!!

શ્રીહરિના સમયના સંગાથી ઉત્તમ સત્સંગી અને અદ્‌ભુત સાહિત્યના સર્જક નિષ્કુળાનંદ કાવ્ય ગ્રંથના ૮૪ માં પાને લખાયેલી તેમની ચોપાઇઓ છે.

**૧- એહ રીતે અલબેલડે, કર્યાં કંઇ કંઇક કામ । આપી આનંદ આશ્રિતોને, વળી પુરી હૈયાની હામ ॥**
**૨- અમાયિક સુખ આપિયાં, માયિક દેહની માંય । તે પ્રસિદ્ધ જાણે છે પૃથ્વી, નથી છાની છપાડી વાત ॥**
**૩- દેશ દેશમાં ડંકો દઇ, વળી બેહદ ચલાવી વાત । જે નાવે બુદ્ધિની બાથમાં, તે સોંઘી કરી સાક્ષાત ॥**
**૪- અભર ને સભર ભર્યા, અતર તાર્યા કંઇ જન । અગમ તે સુગમ કર્યા, પ્રભુ થઇ પોતે પ્રસન્ન ॥**

હવે સોંસરું ઉતરવા લાગશે કે સાંસારિક કાવ્ય, મુક્તત, શેર-શાયરી કે પ્રચૂર સાહિત્ય ક્ષણભરમાં નાશવંત આનંદ તો મેળવી લીધો, પણ તેની સામે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને ઉપાસનાની ઉત્તમતા તો આપણા અડધા જીવનમાં નાસમજ થઇને ખોઇ જ નાખી ને...?

અને જ્યારે આપણા જેવા અદના આદમીનાં હૃદયે શિક્ષાપત્રીનાં શ્લોકનાં બેસણાં થયાં ત્યારે મારા અત્યારસુધી સંસારમાં ચકળવકળ થતા રહેલા નમણાં નેણલાઓ હર્ષાશ્રૃથી ભિંજાવા લાગ્યાં. મારું આમૂલ પરિવર્તન શબ્દોમાં સરી પડ્યું.

**"દેહમાં જીવ જાગ્યો, હરિને ઉતાવળે મળવા; શ્રીહરિનું ધામ ક્યાં દૂર છે ? ચડ પગથિયાં, કર દર્શન મૂર્તિનાં !"**

જય શ્રીસ્વામિનારાયણ.......

# શિક્ષાપત્રી શ્લોક -૮૪

- હિંમતભાઈ ઠક્કર 'રઘુવંશી'

**વિષ્ણુઃ શિવો ગણપતિઃ પાર્વતી ચ દિવાકરઃ ।**
**એતા પૂજ્યતયા માન્યા દેવતાઃ પંચ મામકૈઃ ॥**

મારા આશ્રિતો હોય તેમણે વિષ્ણુ, શિવ, ગણપતિ, પાર્વતી અને સૂર્યનારાયણ આ પાંચ દેવ પૂજ્યભાવે માનવા.



ભાષ્યકાર શ્રીશતાનંદ સ્વામી આ શ્લોકની વ્યાખ્યા કરતાં સમજાવે છે કે, શ્રીજીમહારાજે આ શ્લોકમાં સંપૂર્ણ સનાતન ધર્મનો સમન્વય કરેલો છે. વૈદિક સંસ્કૃતિની જુદી જુદી વહેંચાયેલી ધારાઓને શ્રીજીમહારાજે અત્રે એકત્રિત કરીને પોતાના હૃદયની વિશાળતાને અભિવ્યક્ત કરેલ છે.

"વહેંચાયેલી વૈદિક સંસ્કૃતિને, અકીકૃત કરી કડી બદ્ધ; શ્રીજીમહારાજે પંચદેવો પૂજ્યા, શિક્ષાપત્રીની વિશાળતા ધરી."

બુદ્ધિનું પરિઘ વ્યાપક છે, ને મનનું પરિઘ અતિ વ્યાપક છે. મન એ નવા વિચારો, કલ્પનાઓનો ઊંડો સાગર છે, ને બુદ્ધિ કલ્પનાઓને વિચારોની ચાળણીથી આ બધાને ચાળ્યા કરી અંતિમ ન ચાળી શકાયેલાને માનવને ભેટ ધરે છે.! હવે જે કોઈ માનવ શાસ્ત્ર આધારિત વિચારો સીવાયના બખડજંતર કલ્પનાઓ ને વિચારોમાં જ જીવ્યા કરે તો તેનો ભવ જ બગડે ને?

તેથી માત્ર બૌદ્ધિક પટ પર આધારિત માનવ સનાતન ધર્મની વ્યાપકતાને પણ પૂર્ણ સ્વરૂપે સમજીને જીવી શકે તે માટે સનાતન ધર્મના સમન્વયની જરૂરત પડી! વેદો, પુરાણો, શ્રુતિઓ, સ્મૃતિઓ, ઉપપુરાણો ઉપરાંત પણ સમયાંતરે માનવને જાગ્રત કરતા ઋષિ-મુનિ-સંતો-સદ્‌ગુરુઓની અમાપ્ય દુનિયામાં માનવ મુંઝાઈ ન જાય તે માટે જ કલિયુગના સરકતા સમયમાં શ્રીજીમહારાજે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના નેજા હેઠળ શિક્ષાપત્રી ને વચનામૃતની ટુંકતમ, મધુરતમ સરવાણી દ્વારા માનવને ફરી એક વખત જાગ્રત કરી, સ્વસ્થ કરવા પ્રેર્યો છે.

વૈદિક સંસ્કૃતિમાં પાંચ દેવોને 'પંચદેવાયતન' ને પૂજ્યભાવે માનવામાં આવે છે. આને શાબ્દિકપણે પણ હિન્દુ સંસ્કૃતિ પણ કહેવાય છે. વિષ્ણુને જ પરમાત્માનો આદિ અવતાર મનાય છે. વિષ્ણુ શુદ્ધ સત્વાત્મક છે તેથી જ વિષ્ણુ જ આપણા ઈષ્ટદેવ અને ઉપાસ્ય દેવ છે.

વિષ્ણુ આ જગતની સૃષ્ટિમાં પરમાત્માના આદિ અવતાર છે અને આ જગતની સ્થિતિકાર્યને કરે છે. વિષ્ણુને જ વેદોમાં ઉપાસ્ય દેવ કહેલા છે. કારણ કે વિષ્ણુ શુદ્ધ સત્વાત્મક છે. માટે વિષ્ણુ જ આપણા ઈષ્ટદેવ છે. અને શંકર તો વૈરાજ્ય પુરુષની એક તમોગુણ પ્રધાન અવસ્થા છે. વૈષ્ણવોમાં અગ્રેસર છે, અને વૈષ્ણવ ધર્મના પ્રવર્તક છે, માટે આ શિવજી પૂજ્ય છે. અને ગણપતિ તો ભગવાનના અંશાવતાર છે, અને સર્વે દેવોને મધ્યે ગણપતિને અગ્ર પૂજ્યપણે સ્થાપન કરેલ છે, માટે ગણપતિ પૂજ્ય છે. અને પાર્વતી તો શંકરની અર્ધાંગના છે અને આદિ શક્તિ છે, તેમજ ભગવાનની પ્રાપ્તિમાં સહાયક છે. સૂર્યનારાયણદેવ તો દ્વિજાતિપણાને પમાડનાર ગાયત્રીમંત્રના અધિષ્ઠાતા દેવ છે અને વેદમૂર્તિ હોવાથી ધર્મપ્રવૃત્તિના એક કારણરૂપ છે. માટે સૂર્યનારાયણદેવ પૂજ્ય છે.

**"સનાતન ધર્મને દૂષ્ટ પૂષ્ટો, વિચાર ભ્રષ્ટો**
**તોડીફોડી મરોડે;**

**શ્રીજીમહારાજ સમગ્ર હિન્દુ ધર્મનો, પંચદેવોમાં ફરીથી સમન્વય કરે.”**

સનાતન ધર્મ ઈશ્વરદત્ત કૃપાથી વ્યાપ્ત હજારો વર્ષોથી વ્યાપ્ત બનતો ગયો. જેના મૂળમાં મનુ-સતરૂપા મુખ્ય છે; અને કાળક્રમે વસ્તી વધતાં અજ્ઞાનતાના અંધારાંનો પગપેસારો થયો. પરિણામે ધર્મના પણ ઉપ...ઉપ...ધર્મો, અને પંથોનો પણ ઉપ...ઉપ... પંથો વ્યાપ્ત બન્યા. આજે વિશ્વ વિદ્યાલયો-યુનિવર્સિટીઓમાં પણ ૧૭ જેટલા સ્વીકૃત ધર્મોની ચર્ચા અને શિક્ષણ અપાય છે.

સામાન્ય માનવમાં વૈયક્તિક સ્વાર્થ પ્રમાણમાં વધુ હોવાથી આ પ્રતિષ્ઠિત પંચ દેવો ઉપરાંત પણ નાની મોટી જ્ઞાતિઓ, જૂથો અને કુટુંબોમાં વિભિન્ન દેવો અને માતાજીઓ તથા કૌટુંબિક દેવસ્થાના અને ભુવા પ્રથા પણ અસ્તિત્ત્વ ધરાવે છે. જ્ઞાની માનવ પણ બધાને પૂજે, પૂછે અને પોતાના કામ પાર પાડવાના અરમાન પણ રાખે.

શ્રીસહજાનંદ સ્વામી મહારાજે વૈયક્તિક સ્વાર્થને ઊંચે ઊઠાવવા ધર્મધજાના નેજા હેઠળ શ્રીસ્વામિનારાયણ ભગવાનના મંદિરોની સમાજને સમજણ આપી સ્થાપના શરૂ કરી. અને તેમનાં જ જીવનકાળ દરમિયાનમાં ‘શિક્ષાપત્રી’ અને ‘વચનામૃત’નું દિવ્ય જ્ઞાન પ્રસરાવી સૌને એક સૂત્રે બાંધી સ્વામિનારાયણ સંપ્રદાયને વિશ્વભરમાં વ્યાપક કર્યો. તેમણે પોતે સ્વયં આચરણ કરી બતાવ્યો અને સૌને સ્વયાંચરણ કરવા પ્રેર્યો.

**“અવતારોનું અવતરણ, જીવાત્માને શિવ બનાવે; બ્રહ્માંડ સર્જક પરમાત્માને કર્માધિન આત્મા ‘જીવ’ કહાવે.”**

જેમ ઘડિયાળનું લોલક જમણે-ડાબે ચાલ્યા જ કરે, ટિક...ટિક...ટિક... બોલ્યા જ કરે તેમ ‘મન’ પ્રત્યેક ક્ષણે ડાબે-જમણે, ઉપર-નીચે, જ્યાં-ત્યાં ને ગમે ત્યાં તેના કાલ્પનિક તુક્કાઓ તડતડાવ્યા જ કરે તેથી આવા ‘મન’ ને સ્થિર કરવા, નિષ્ઠાવાન બનાવવા, શ્રદ્ધા ને વિશ્વાસના સહારે ‘માળા’ મંદિરમાં બિરાજતા સદ્‌ગુરુ પાસેથી અપાવી ને તેને આજીવન સતત ‘સ્વામિનારાયણ’ ના ષડ્‌ક્ષરી મંત્ર પણ આંગળીઓના સહારે ફરતી કરાવી.

દરિયા કિનારે રખડતા કોઈ રખડુને રેતીમાંથી ‘દીવો’ મળ્યો તેને પાણીથી સાફ કરતાં કરતાં ઘસ્યો ત્યાં તો તેમાંથી એક ‘જિન્ન’ નીકળ્યો! ને કહ્યું કે હવે તો ઘણા વખતથી ભૂખ્યો છું, આજે તને જ ખાઈને પેટ ભરું! ત્યાં પુણ્યના પ્રતાપે તે રખડુને એક ભગવાધારી સંત મળ્યા ને તેમણે તેને સલાહ આપી કે આ ‘જિન્ન’ને જો તું કામ આપીશ તો જ તું બચી શકીશ. રખડુ જે કામ આપે તે તો પેલો ‘જિન્ન’ ક્ષણવારમાં જ કરી આપે...રખડુને સારાં કપડાં ખાવાનું ને રહેવા મહેલ પણ બનાવી આપ્યો!

અને અંતે જિન્નમાંથી પોતાની સલામતી માટે સાધુની સલાહ પ્રમાણે એક ૧૦૦ ફૂટનો ઊંચો થાંભલો બનાવડાવી ને તેને હુકમ કર્યો કે જ્યાં સુધી હું તને બીજો હુકમ ન કરું ત્યાં સુધી આ થાંભલે ચડ-ઉતર કર્યા કરજે, તે ચડ-ઉતર આજ દિ’ સુધી ચાલુ જ છે.!

પરમાત્મા એ માનવનું મન પણ પેલા ‘જિન્ન’ જેવું શક્તિશાળી બનાવ્યું છે. તો શ્રીજીમહારાજની સલાહ પ્રમાણે મંદિરની આવન-જાવન, સદ્‌ગુરુજીની સલાહ, મંત્રજાપ અને માળા ફેરવવાના દિવ્ય કામે હરિભક્તોએ તેમનો ‘મન’ ઊર્ફે ‘જિન્ન’ ને બીજી આજ્ઞા કરવાની રાહ જોતાં ચિટકાવી દયો અને તેને બીજી કોઈપણ સાંસારિક આજ્ઞાઓ, અપેક્ષાઓ, ઈચ્છાઓથી આજીવન દૂર જ રાખો.! પછી અનુભવો કે આ જ જન્મે પરમાત્માના ધામે પહોંચાય છે કે નહિં..?

**“ઇશ્વર દત્ત શાસ્ત્રો વિસરાયા, ત્યારે જ ઇશ્વર અવતર્યા; સંસારીઓ ચડ-ઉતરમાં રહ્યા, ને એકાંતિક ભક્તો તર્યા.”**

શાળાના બાળકો જાણકારી માટે પ્રવાસે જાય, આનંદ માણી આવે. યુવાનો ધમધમતા વ્યાપાર કરી નાણા તાણી લાવે અને આજે

વયોવૃદ્ધોને મોકો મળ્યો છે તો જ્યાં ભગવાન શ્રીસહજાનંદજી મહારાજના દ્વારિકાધીશ મુકામે, જે ભૂમિ પર એકાંતિક પાંચસો પરમહંસો આનંદ સભર, ઉત્સાહભરી તીર્થયાત્રા કરી આવે અને ત્યાંના દિવ્ય વૈચારિક પ્રસાદને ઘોરઘોર વહેંચે.!

**"શ્રીકૃષ્ણની સ્વર્ણ દ્વારિકા, મધ દરિયે જઇ સમાણી; હરિભક્તોની દ્વારિકા યાત્રા, અનંત જન્મોની મોંઘી કમાણી."**

દ્વારિકાની જળ મગ્નતા ગઈકાલ સુધી અધર્મીઓ-વિધર્મીઓને કુતર્ક સમી લાગતી હતી ને સનાતન ધર્મ આજે પણ અનેક રીતે વગોવાય છે...પરંતુ આધુનિક વિજ્ઞાનના ઉપગ્રહોએ સુવર્ણમઢી દ્વારિકાના પણ દર્શન કરાવીને સનાતન વિરોધીઓને વિફલ કર્યા. ! આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તો એ જળમગ્ન દ્વારિકાના દંડવત્ પ્રણામ પણ કરી આવ્યા.

**'ધન્યોતિ ધન્ય સનાતન ધર્મ :'**

## ન જોઇ જાત કુજાત પુરુષોત્તમ પ્રગટી રે

- મહાદેવભાઈ ધોરીયાણી

સહજ-આનંદના સંદેશક શ્રીસહજાનંદ સ્વામીએ એકજ ધર્મના ઝંડા નીચે હિન્દુ, મુસ્લિમ, જૈન, પારસી એવા કોઈપણ જાતના ભેદભાવ વગર સૌ કોઈને સંપ્રદાયમાં આવકાર્યા છે. સુરતના અરદેશરજી કોટવાલ, પીલ્લુ સાહેબ વગેરે પારસી ભક્તોને મહારાજનો દૃઢ નિશ્ચય થયો હતો.પૂર્ણ પુરુષોત્તમ ભગવાન શ્રીસ્વામિનારાયણે કૃપા કરીને ભેટ આપેલ 'પાઘ' આજે પણ તેમના વંશજો ભક્તિભાવપૂર્વક મહિમાથી સાચવી રહ્યા છે. દર વર્ષે ભાઈબીજના પરમ પવિત્ર દિવસે પાઘના દર્શન કરવા માટે 'શ્રીજીમહારાજની પ્રસાદી'નો મહિમા સમજીને સુરતમાં માનવ મહેરામણ અને ભાવિક ભક્તોની ભીડ નાત-જાતના ભેદભાવ વગર જાયે છે.

વળી મુસલમાનો પણ શ્રીજીમહારાજના આશ્રિત થયેલા હતા. શ્રીહરિના હજૂરી પાર્ષદની સેવામાં નિર્માની ભક્ત મીયાંજી રહેલા હતા. વડોદરા સરકારના જાગીરદાર મીર સાહેબનો અનિદ્રાનો રોગ શ્રીજીમહારાજની કૃપાથી દૂર થયો હતો. તેથી તેઓ મહારાજના અનન્ય અનુયાયી બની ગયા હતા. તદુપરાંત ડોસાભાઈ તો નિરાવરણ દૃષ્ટિવાળા પરમ એકાંતિક ભક્ત હતા. કેસર મીયાં, આલસી ઘાંચી, રાજાભાઈ પીંજારા, વલીભાઈ વોરા વગેરે અનેક મુસ્લમિ ભક્તો શ્રીસહજાનંદ સ્વામીના અનન્ય શિષ્યો બની ગયા હતા. એટલુંજ નહિં પણ અનેક મુસ્લિમ ભક્તો સ્વામિનારાયણનું ભજન કરતા હતા.

એક વખત સભામાં સિંધ પ્રદેશમાં સત્સંગનો પ્રચાર-પ્રસાર કરવાનો પ્રસ્તાવ મહારાજે મૂક્યો, પરંતુ ત્યાં જવા માટે કોઈ તૈયારી દાખવી નહિ, પણ શેખ મીયાંએ બીડું ઝડપ્યું. મહારાજ ! હું જાઉં તો ખરો, પણ ચમત્કાર વગર કોઈ નમસ્કાર ન કરે. મને કંઈક ઐશ્વર્યનું યોગદાન કરો તો જ સત્સંગનો પ્રચાર થાય. શ્રીજીમહારાજ મરક મરક હસતાં કહ્યું કે, તમારી દાઢી સામે જે અનિમેષ નેત્રે એકીટશે જોશે તેને સમાધી થશે અને તમે બીજાના અંતરની વાત જાણી શકશો. પણ તમે કિંમતી વસ્ત્રાભૂષણ પહેરશો નહિ, કોઈના ઘેર પધરામણીએ કે જમવા જશો નહિં, સ્ત્રીઓના સમુદાયમાં વાત કરશો નહિ અને મલેચ્છ કે મલીન લોકોના સંસર્ગમાં રહેશો નહિં.

શેખ મીયાં તો ઐશ્વર્યના પ્રતાપે સિંધ પ્રદેશમાં વંદનીય અને પૂજનીય બની ગયા, પરંતુ શ્રીજીમહારાજની નિષેધાત્મક આજ્ઞાઓની અવગણના કરી. આથી એમનું ઐશ્વર્ય શ્રીજીમહારાજે પાછું ખેંચી લીધું. શેખ મીયાં સત્વરે માનનો દોષ ટાળવા, પોતાની ભૂલનો પશ્ચાતાપ કરવા અને માફી માંગવા ગઢપુર આવ્યા અને શ્રીજીમહારાજની આજ્ઞાથી માણકી ઘોડીની લાદ ઉપાડવા, અન્ય સેવા વગેરે કાર્યમાં રત રહેવા

લાગ્યા અને એક આદર્શ ભક્ત તરીકે જીવન વ્યતિત કર્યું.

આ રીતે અનેક કોળી ભક્તોને પણ ભગવાન સ્વામિનારાયણે આશ્રિત કર્યા હતા. લોયાના ઘેલાભાઈમાં મહારાજે ઉચ્ચ સમજણ પ્રેરી હતી. એક વખત દુષ્કાળ દરમિયાન આ કોળી દંપતિ ધંધાની શોધમાં જઈ રહ્યા હતા. ત્યાં રસ્તામાં કોઈકનું સોનાનું આભૂષણ પડેલું હતું. આ સોનાના આભૂષણ પર ઘેલાભક્તની દૃષ્ટિ પડતા પાછળ આવી રહેલ પોતાની પત્નીનું મન લલચાઈ ન જાય તેથી તેના ઉપર ધૂળ વાળી દીધી. પત્ની પરિસ્થિતને પામી ગઈ. તેણે પોતાના પતિને કહ્યું કે, "તમે તો સોનાને સોના તરીકે જોયું પણ એ તો મારે મન ધૂળ સમાન છે." ધૂળના ઉપર ધૂળ ઢાંકવાની કાંઈ જરૂર નથી. તત્કાલિન સમાજની આવી અભણ અને પછાત વર્ગની સ્ત્રીઓમાં પણ આવી ઊંડી સમજણ આવે એ ખરેખર આશ્ચર્યનજક કહેવાય.

શ્રીસહજાનંદ સ્વામીએ વાલ્મિક સમાજને પોતાના સંપ્રદાયમાં સ્થાન આપીને તેમનામાં આચાર-વિચારનું સિંચન કર્યું હતું. શ્રીજીમહારાજે તેમનાં જીવનમાં અમૂલ્ય પરિવર્તન લાવી દીધું હતું. 'છાણી ગામ'ના ઘણા વાલ્મિક સમાજના ભક્તો શ્રીસહજાનંદ સ્વામીના શિષ્ય બનીને પોતાના વિસ્તારમાં મંદિર બંધાવીને આજદિવસ સુધી પૂજા-પાઠ, ભજન-ભક્તિ કરે છે. છાણી, અટલાદરા વગેરે અનેક ગામોના સત્સંગીઓનાં નામ તથા કોળી, વાઘરી વગેરે ભક્તજનોનાં નામ 'ભક્તચિંતામણી'માં આપણે વાંચીએ છીએ. તથા ખોજા કોમમાં પણ સત્સંગનો સારો ફેલાવો થયો હતો. લાધા ઠક્કર, હરજી ઠક્કર વગેરે અનેક ભક્તજનોનાં નામ નોંધાયેલા છે.

આ રીતે આ અવતારમાં ભગવાને અનેક જ્ઞાતિઓને અપનાવી પોતાના આશ્રિત કર્યા હતા. કારણ કે દરેક જીવાત્માના ઉદ્ધાર કરવા શ્રીસહજાનંદ સ્વામી પધાર્યા હતા. આ રીતે કોઈપણ નાત-જાત કે ધર્મના ભેદભાવ વગર, કાંઈપણ જોયા વગર સર્વે જીવાત્માના આત્યંતિક કલ્યાણનો કોલ આપવાની જ તમન્ના રાખી હતી. આથી સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના ગ્રંથમાં લખ્યું છે કે,

"કળશ ચડાવ્યો કલ્યાણનો રે, સહુના મસ્તક પર મોડ; ન જોઈ જાત-કુજાતપુરુષોત્તમ પ્રગટી રે."

"अनेक जन्म संसिद्धस्ततो याति परां गतिम् ।"

અનેક જન્મોને બદલે કૃપા કરીને આજ 'છેલ્લો જન્મ' કરાવી અનેક જીવાત્માને શ્રીજીમહારાજે અભયદાન આપ્યું છે.

"અભયદાન અધિક સહુથી, એની બરોબર બીજું નથી; તે તો દાન તમથી દેવાય, તમને નિરખે તે નિર્ભય થાય."

ભક્તચિંતામણી પ્રકરણ-૬૬

## વિષય વાસના પર નિયંત્રણ મૂકી શકાય છે.

- રમણ ગજ્જર - ભુજ

કોઈપણ માણસને દુઃખી થવું જ નથી. બધાને સુખ જ મેળવવું છે. કંઈપણ મેળવવા માટે કંઈક ત્યાગ કરવો પડે, તે સંસારનો નિયમ છે. ઈશ્વર ઉપાસના કરનારા સાધકોને મોક્ષ જોઈએ છે. આવા સાધકોને ચાણકય નીતિ એમ કહે છે કે, "વત્સ ! જો તું મોક્ષ પામવા ઉચ્છતો હો તો કામવાસનાના વિષયોને વિષના જેવા ગણીને તજી દે. અને બ્રહ્મચર્ય, ક્ષમા, વિનમ્રતા, દયા, પવિત્રતા અને સત્યને અમૃતની જેમ સ્વીકારી લે." છે આપણી આ બાબતે તૈયારી?

માણસો ઈચ્છાઓ, અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને મહત્વાકાંક્ષાઓના ગુલામ હોય છે. એકની પ્રાપ્તિ થાય ત્યાં બીજી બે-પાંચ ઈચ્છાઓ ઊભી થાય છે. સાચું સુખ-મોક્ષ આ બધી ઈચ્છાઓનો ત્યાગ કરો તેમાં રહેલું છે. ઈચ્છાઓનો ત્યાગ કરવો તે કાંઈ નાના બાળકના ખેલ નથી. તેમ અશક્ય પણ નથી જ. જો ઈચ્છા હોય તો મન હોય તો ઈચ્છાઓ પર નિયંત્રણ મેળવી

શકાય છે. તેથી તો કહેવત છે કે, ''મન હોય તો માળવે જવાય.'' નાની કે મોટી ઈચ્છાઓમાં ક્યાંય ને ક્યાંય દુઃખ વિષ ભરેલું છે. એ તો જ્યારે ઈચ્છા પૂરી થાય ત્યારે જ તેની ખબર પડે છે. જો સમજતાં આવડે તો.

આજકાલ જગતમાં વિષય વાસના નગ્ન નાચ ચાલ્યા જ કરે છે. ટી.વી. ઈન્ટરનેટ આ બધા સાધનો વિષય વાસનાના દશ્યો રજૂ કરીને માણસને બહેકાવે છે. અને માણસની વિષય વાસના પ્રબળ બને છે. તેમાંથી ઊગરવાનો એકમાત્ર ઉપાય કે આવા દશ્યો જોવાથી દૂર રહેવું.

ટોલ્સટોય આ બાબતે કહે છે કે ''જે વાસનાની દષ્ટિથી સ્ત્રીને જુએ છે, સમજી લો તે પોતાના દિલમાં તેની સાથે વ્યભિચાર કરી ચૂક્યો છે.'' માટે આપણી દષ્ટિ નિર્મળ હોવી જોઈએ. જળ જેવી પવિત્ર હોવી જોઈએ.

વિષય વાસનામાં છલોછલ ઝેર ભરેલું હોય છે. તેથી તે ગમે તેટલી ભોગવો તો પણ તૃપ્તિ થતી નથી. આમાંથી છૂટવાનો હાથવગો ઉપાય એજ છે કે આવી ઝેર જેવી બાબતોનો સદંતર ત્યાગ કરવો. અને અમૃત જેવા સદ્‌ગુણોનું જીવનમાં સિંચન કરવું. આ કોણ કરી શકે ? તો તેનો જવાબ એ છે કે, જેણે સત્સંગને પોતાનું ઘર માન્યું છે. શ્રીહરિની તમામ આજ્ઞાઓ જે શિર સાટે પાળે છે. અને સત્પુરુષોના સાંનિધ્યમાં જે રહે છે. અને તેમનો પડ્યો બોલ ઝીલે છે. તે વહેલો મોટો વાસના-ઈચ્છાઓ પર કાબૂ મેળવી શકે છે. કોણપણ કામ અશક્ય હોતું જ નથી. જે કાંઈ ખામી હોય છે તે આપણા આયોજનમાં અને તેના નિષ્ઠાભર્યા અમલીકરણમાં હોય છે.

## ધર્મ એ જ સુખનું મુળ છે.

- જાદવજી કેરાઈ - નારાણપર ની.વા.

જેમ સ્વર્ગમાં અમૃત રહ્યું છે, ચિંતામણીમાં ધન રહ્યું છે તેમ ધર્મને વિષે સર્વ પ્રકારનું સુખ રહ્યું છે. **ધર્મો જ્ઞેયઃ સદાચારઃ શ્રુતિસ્મૃત્યુપપાદિતઃ।** ધર્મ એટલે શું ? શ્રુતિ-સ્મૃતિએ પ્રતિપાદન કર્યો એવો જે સદાચાર તેને ધર્મ કહેવાય. આ ધર્મ વિશ્વવ્યાપી સનાતનીઓનો છે. અને જ્ઞાતિએ કરીને ગમે તે હોય પણ દરેક માણસને માટે સરખો છે.

જેમ કે હિંસા ન કરવી, વ્યસન ન કરવું, ચોરી ન કરવી, વ્યભિચાર ન કરવો એવા ઘણા ધર્મ છે જે પાળે તે સનાતન ધર્મી કહેવાય. જેમ પરમાત્મા સનાતન છે, તેમ આ ધર્મો પણ સનાતન છે.

શુભ-અશુભ દેશકાળાદિક સર્વેમાં સર્વે સ્થળે એક સરખા જ પાળવાના છે માટે દરેકે સનાતન ધર્મનું તન, મન, ખંતથી સેવન કરવું. ધર્મહીન માણસ જીવતો હોય તો પણ તે મરેલો છે. જેમ દેહ જીવને આધારે છે તેમ જીવ ધર્મને આધારે છે શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે.

વેદ, શાસ્ત્ર, શ્રીમદ્ ભાગવત પુરાણ એ આદિક શાસ્ત્રો એ જીવના કલ્યાણને અર્થે પ્રતિપાદન કર્યો એવો સદાચાર રૂપ ધર્મને જે પાળે છે તે આલોક-પરલોકને વિષે મહાસુખિયા થાય છે. ધર્મનું ઉલ્લંઘન કરે છે તે લક્ષચોર્યાશીના અનેક કષ્ટો ભોગવે છે. માટે ધર્મનો ત્યાગ કરવો નહીં.

ધર્મને હણનારો સર્વત્ર હણાય છે. ધર્મનું રક્ષણ કરનારો સર્વે જગ્યાએ રક્ષિત થાય છે માટે ધર્મતનુજ ભગવાન પણ ધાર્મિક માણસ પર અપૂર્વ પ્રેમ અને મમત્ત્વભાવ રાખે છે.

મોક્ષ માટે ભલેને પંચાગ્નિ તાપો. શતાગ્નિ તાપો, તીર્થયાત્રા કરો, યજ્ઞ કરો, વેદ-શાસ્ત્ર ભણો, બીજા અનેક ધર્મ સંબંધિત સાધનો કરો પણ જો ધર્મ ન પાડો તો મોક્ષ થતો નથી.

ધર્મને લીધે જ મનુષ્યને મનુષ્ય કહેવાય છે. ધર્મ સમાન બીજું કોઈપણ ઉત્તમ સાધન નથી. ધર્મ સાથે કરેલી ભક્તિ એજ બળ, બુદ્ધિ, ધન છે. સંસાર સાગર તરવાનું ખરું નાવ છે. ભગવાનનું

અક્ષરધામ પણ ધર્મથી જ પ્રાપ્ત કરી શકાય છે. જેવા કે, જેતપુરના મોટા રામબાઈ, માનકુવાના મુળજી અને કૃષ્ણજી, બાંભણાના આહીર પટેલ સામત, વડોદરાના નાથ ભક્ત, ભુજવાળા લાધીબાઈ આદિક અનેકો અનેક મુક્તો ધર્મ પાળીને સુખી થયા છે.

ગુરુ તેગબહાદુર, ગુરુ ગોવિંદસિંહ, રાજા છત્રપતિ શિવાજી તથા શંભાજી ઈત્યાદિક ઘણા ધર્મવીરોએ ધર્મને અર્થે અનેક કષ્ટો વેઠ્યા છે. અને ધર્મનું રક્ષણ કર્યું છે. માટે ધર્મને જ પોતાનું સર્વસ્વ જાણી ધર્મ પારાયણ બનવું માટે ધર્મ એજ સુખનું મૂળ છે.

## દીર્ઘાયુષ્યનું રહસ્ય

- વરસાણી અલ્પા રમેશ - મદનપુર

આયુર્વેદના મહાન ઋષિ ચરકે લખ્યું છે કે, સાદું ભોજન, હિતકારી આહાર-વિહાર કરવાવાળા જીતેન્દ્રીય પુરુષ સજ્જનોથી પ્રશંસા પ્રાપ્ત કરીને રોગ રહિત થઈને ૩૬ હજાર રાત્રી દિવસ સુધી અર્થાત સો વર્ષ સુધી નિરોગી રહીને જીવીત રહી શકે છે. (ચરક સૂત્ર ૨૭/૩૪૮) મુજબ શતાયુ બનવા માટે આહાર-વિહારની પ્રમુખ ભૂમિકા છે. નિયમિત સાત્ત્વિક તથા નિયંત્રિત સાદું ભોજન દીર્ઘ જીવન આપ છે. પોષક તત્ત્વોથી ભરપૂર ઓછા પ્રમાણમાં ખોરાક લેવો ગુણકારી હોય છે. આજના સમયમાં બધીજ વિકૃત્તિઓ ખોટા ચટપટા આહારની જ દેન છે. લોકો માત્ર સ્વાદ માટે જ જીવી રહ્યા છે. જ્યાં ત્યાં જેવું તેવું, ગમે તેવું ખાય છે. અને અલ્પાયુમાં મરી જાય છે.

અર્થાત હંમેશા સર્વદા સાદો ખોરાક લેનાર, વિહાર કરવાવાળા, સાર અસાર તથા પૂર્ણ વિચારી કરીને કાર્યો કરવાવાળા, વિષય સેવનમાં આશક્તિ ન રાખવાવાળા મનોવૃત્તિને સમ રાખવાવાળા, સત્વભાષી આપ્ત પુરુષોની સેવા કરવાવાળા મનુષ્યો સદા નિરોગી આનંદી રહે છે.

શાસ્ત્રોક્ત ચિંતન પર વિચારીએ તો આરોગ્યનાં મુખ્ય પાંચ આધાર બતાવવામાં આવ્યા છે. ૧.આહાર, ૨.શ્રમ, ૩.વિશ્રામ, ૪.માનસિક સંતુલન, ૫.પંચ મહાભૂતો (આકાશ, વાયુ, અગ્નિ, જળ, પૃથ્વી.)નું યોગ્ય રીતે સેવન. આપણા ઋષિમુનિઓની વિદ્વતા આનાથી જાણી શકાય છે. આજથી હજારો વર્ષો પહેલાં આવું ચિંતન કરવામાં આવ્યું હતું. પાંચ જ્ઞાનેન્દ્રિયોની શુદ્ધિરૂપી માનસિક આહાર વગર માનવ માત્રને શાંતિ કદાપી નહીં મળે કે સંતુલન પ્રાપ્ત થશે નહિં. આજે દોડભાગની જીંદગીમાં આવું ગહન ચિંતન કરવાની તાતી જરૂર છે. નિરામય જીવન માટે આપણા પૂર્વજોના આ સિદ્ધાંતોનું પાલન કરવું જ પડશે.

## GOD - THE PROTECTOR

- Swami Harivadan Dasji – Bhuj

Men walking on the path of devotion to God should have great excitement in their minds. They should always remember that God, who removes all difficulties and constantly helps in the means, always protects us by standing beside us. A warrior engaged in battle in the battlefield is filled with great enthusiasm by the memory that behind him is the commander with a huge army. A devotee should have infinite times more excited than this, because behind him is the power of the infinitely powerful God. When a weak man gets the support of a

powerful army, even a coward can perform feats like a warrior. A weak, discouraged man, while knowing very well that he does not have the strength to face a huge enemy army, gets ready to fight relying on his army, seeing that it is stronger than the enemy army. Then, he who has God's help should consider the dreadful army of sensual pleasures as insignificant and should become determined to destroy it. Lord Krishna assures his loving devotees by declaring-

अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।
तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम्॥
(Gita 9.22)

"Those devotees who are devoted to me with exclusive devotion and who worship me without any selfish motive while constantly meditating on me, I myself ensure the welfare of those men who are devoted to me with constant one-pointed devotion."

Believing in this declaration of God, one should not hesitate to proceed even on the most difficult path. When the Lord, who holds the conch, discus, mace and lotus, is himself taking the responsibility of protecting our attained means and making us attain the unattained, when he is ready to save us at every step, then what is the need to fear of lust, anger, greed, jealousy etc. who creates obstacles in the path of spiritual practice that we have adopted to get out of this dark world-forest. When God is always with us, then what is there to fear? Just as a small child considers himself fearless and carefree as soon as he comes in the lap of the mother, similarly we should also consider ourselves to be fearless and carefree by considering ourselves situated in the lap of the Supreme Father, the Supreme God. God is the best in all respect, strength, love, friendliness etc. Because all these virtues are particles of the same ocean of virtues(qualities), therefore, leaving behind all kinds of sorrow, fear etc., we should move forward rapidly on our desired path like a warrior with great excitement and zeal. It should always be remembered that just as the great devotee Arjuna, with the help of God, destroyed the 11 Akshauhini Kaurava army guarded by Bhishma, Drona, Karna etc. and achieved victory, similarly, with His help, we too can easily destroy the Kaurava army in the form of lust, anger, greed, jealousy etc. and achieve true self form of attainment of God. It is just a matter of believing in God and our true support and vowing to sacrifice our lives like Bhima and Arjuna and entering the field of action as per God's command.

In puranas there are many devotees who kept faith in God and

they were never harmed, for eg. Bhakt Prahalad, king Ambarish, Pandavas, Gajendra, etc. In our sampraday Lord Shree Hari protected many saints and bhaktas, one can read in Parcha Prakaran of Bhaktchintamani and many more other scriptures of "Santo ni vato". Even Shreeji Maharaj said, "If you keep firm faith in me and do as I say, then if you were to suffer extreme hardship, or even if you were to face the calamities of seven consecutive famines, I will protect you from them. Even if you were made to suffer pain from which there seems to be no way out, I will still protect you – but only if you follow the dharma of my satsang."- vach. G.M.P.14.

God helps invariably those who are firm and faithful to him, faithful to his blissful form. Therefore, one should always have faith in God because only he is our protector.

# સત્સંગ સમાચાર - દેશ

## ભુજ સ્વામિનારાયણ મંદિરે હિંડોળા ઉત્સવ પ્રારંભ

ભુજ સ્વામિનારાયણ મંદિર ખાતે સુંદર સજાવટ સાથે નવરંગી સુશોભિત મંદિરે હરિ સંગ હિંડોળા ઉત્સવનો આજથી તા.૨૨/૭/૨૦૨૪ સોમવાર અષાઢ વદ-૧ થી પ્રારંભ.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં હિંડોળાનું ખૂબ જ મહત્ત્વ છે. એ પછી દેશ હોય કે વિદેશ, શહેર હોય કે ગામડું ભગવાન શ્રીસ્વામિનારાયણના મંદિરોમાં અષાઢ મહિનાથી શરૂ થઈ શ્રાવણ માસની પૂનમ સુધી મંદિરમાં બિરાજમાન દેવોને અવનવા હિંડોળામાં ઝુલાવવામાં આવે છે. એમાં ફળ, ફૂલ, સૂકા મેવા, શાકભાજી, રમકડાં તેમજ અલગ અલગ દેશોની કરન્સી સાથે હિંડોળા બનાવી લોકોના દર્શન માટે મૂકવામાં આવે છે.



ભુજ નૂતન મંદિરની વાત કરીએ તો છેલ્લા એક મહિનાથી નવરંગી કાપડથી અવનવી ડિઝાઈનો બનાવી આખા મંદિરને શણગારમાં આવેલ છે. અને મુખ્ય મંદિરના મધ્યમાં મોટા ત્રણ હિંડોળામાં શ્રીઘનશ્યામ, રાધાકૃષ્ણ અને સ્વામિનારાયણ ભગવાનને બિરાજમાન કરેલ છે. આખાય મંદિરનું કલાત્મક નવરંગી કાપડ શમગાર મન મોહી લે તેમ છે.



આ નવરંગી હિંડોળાનો પ્રારંભ ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી અને યજમાનોના વરદ્‌હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભુજ મંદિરના ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી

ભગત, કોઠારી સંતો સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી શાંતિસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી જગતપાવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી પ્રભુચરણદાસજી, સદ્‌ગુરુ સ્વામી રામસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી આદિ વડીલ સંતો, ભુજ, અંજાર, માંડવી અને પ્રસાદી મંદિરના સંતોની ઉપસ્થિતિમાં યજમાનશ્રીઓ મુરજીભાઈ શીયાણી, જાદવજીભાઈ ગોરસીયા, રામજીભાઈ વેકરીયા અને રામજીભાઈ દબાસીયાનું પહેરામણી સાથે મહંત સ્વામીના વરદ્‌હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું.



કચ્છ દેશના મંદિરોમાંથી સાં.યો. બહેનો, શહેરીજનો અને ચોવિસીમાંથી મોટી સંખ્યામાં દેશ-વિદેશના હરિભક્તો ઉપસ્થિત રહ્યા હતા. એક મહિનો ચાલનાર આ હિંડોળા દર્શનનો સમય સાંજે ૪ વાગ્યાથી રાત્રે ૮ વાગ્યા સુધીનો રાખવામાં આવેલ હતો. જે દર્શનાર્થીઓ અને સેલ્ફી લેનાર હરિભક્તો માટે આકર્ષણનું કેન્દ્ર ભુજ મંદિર બની રહ્યું હતું.

## ભુજ પ્રસાદી મંદિરે વિશેષ હિંડોળા તેમજ શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ પ્રદર્શનનો પ્રારંભ

પ્રસાદી મંદિરમાં તા.૨૧/૭/૨૦૨૪ થી હિંડોળાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. અને તા.૨૭ ના રોજ ભુજ પ્રસાદી મંદિર ખાતે નૂતન સ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજી, અંજારથી પધારેલ શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી આદિ સંતો અને યજમાનોના વરદ્‌હસ્તે વિશેષ હિંડોળા તેમજ શ્રીસ્વામિનારાયણ વૈદિક ગુરુકુલમ્ પ્રદર્શન ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું.



આ પ્રદર્શનમાં પ્રાચીન સમયમાં વિદ્યાર્થી ગુરુના આશ્રમમાં જઈ વેદાધ્યયન સાથે જીવનપયોગી બધીજ બાબતોનું પણ પરિશિક્ષણ આપવામાં આવતું. જેવા કે યજ્ઞ, શારિરીક વ્યાયામ, ગાયની સેવા, આશ્રમની સફાઈ, યજ્ઞ માટે કાષ્ઠ-ફૂલ વિગેરે લાવવા, સાથે રમત-ગમત



પણ હોયજ આ દરેક બાબતોને ચિત્રો સાથે દર્શાવવામાં આવેલ છે. છેલ્લે ગાયની સેવાથી ઘર-પરિવાર ન ચાલે એવું નથી. ગાયના ગોબર-મૂત્રમાંથી બનાવેલ વસ્તુઓનું તેમજ ગાય આધારિત ખેતીથી પકવેલ અનાજ, દેશી ગાયનું ઘી, ઘાણીનું તેલ વિગેરેનો સ્ટોલ પણ મૂકવામાં આવ્યો હતો.

ઉપસ્થિત ભક્તોને પૂજ્ય મહંત સ્વામીએ પ્રદર્શન તૈયાર કરાવનાર સંતો અને માધાપરના કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો છેલ્લા ૨૦ દિવસથી ખૂબ મહેનત કરી તૈયાર કરેલ પ્રદર્શન બદલ સંતો અને યુવાનોને અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા. અને વિદેશમાં રહી આર્થિક સેવા કરનાર યજમાનોને પણ આશીર્વાદ પાઠવ્યા હતા.



પ્રસાદી મંદિર ૨૦૦ વર્ષ જુનું છે. મોટા મોટા સંતોએ આ મંદિરમાં રહી કચ્છના સત્સંગ તથા કચ્છની જનતા, ગાયો, પર્યાવરણ, શિક્ષણની ખૂબજ મોટી નોંધપાત્ર સેવા કરેલ છે એમને પણ યાદ કરાયા હતા. નજીક રહેતા ભક્તોએ રોજ મંદિરે દર્શને આવવાની ભલામણ કોઠારી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ કરી હતી.

આ હિંડોળા ઉત્સવ પ્રસંગે આવતા ૪ રવિવારે અલગ અલગ વિષયો ઉપર મનનીય અને



જીવનલક્ષી પ્રવચન યોજવાનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં તા.૨૮/૭/૨૪ ના રોજ જુનાગઢના ડો.રમેશભાઇ સાંવલિયા કે જેઓ ગાય આધારિત ખેતી વિષયક પોતાના વિચારો રજૂ કર્યા હતા. તા.૪/૮/૨૪ ના વચ્છનાદ ભરૂચથી શ્રીપાર્થસિંહ ગોહિલ, તા.૧૧/૮/૨૪ ના કુકમા-કચ્છના પ્રાકૃતિક ખેતીના હિમાયતી મનોજભાઇ સોલંકી પધાર્યા હતા.



દરેક વકતા મહોદયના જીવનલક્ષી, સુખમય, સ્વાવલંબી અને વૈદિક વિચારો મનુષ્યના જીવનમાં કારગર નિવડે છે તેવા મનનીય પ્રવચનનો લાભ લેવા આ અનેરા અવસરે સાંજના સમય ૬-૪૫ થી ૭-૪૦ કલાક સુધી બહોળી સંખ્યામાં ભક્તજનોએ લાભ લીધો હતો. તા.૨૦/૮ ના રોજ મહાઆરતી કરી શ્રીઠાકોરજીને હિંડોળેથી ઉતારી મંદિરમાં પધરાવવામાં આવ્યા હતા.

તા.૨૦/૮/૨૪ સુધી ચાલનારા વિશેષ પ્રદર્શનમાં દેશ-વિદેશના યજમાનો, શહેરીજનો, ચોવિસીના ભક્તજનો મોટી સંખ્યામાં લાભ લીધો હતો.

અહેવાલ - કોઠારી સ્વામી રામાનુજદાસજી

## અંજાર ખાતે ભવ્યાતિભવ્ય હિંડોળા દર્શન તથા પહેલાંની યાદ તાજી કરાવતું હિંડોળા વિશેષ પ્રદર્શન તથા ગોવર્ધન દર્શન

શ્રીસ્વામિનારાયણ મંદિરના વડીલ સ.ગુ.પુરાણી સ્વામી શ્રીહરિદાસજી, મંડળધારી શાસ્ત્રી સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી ભક્તિપ્રિયદાસજી, કોઠારી પુ.સ્વામી દેવસ્વરૂપદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી

શ્રીરંગદાસજી વિગેરે મંડળના સમગ્ર સંતોના શુભ સંકલ્પથી તા.૨૨-૦૭-૨૪ના હિંડોળા શરૂ કરેલ હતા તથા તા.૨૮.૦૭ ના રોજ સર્વ પ્રથમ વાર વર્ષો પહેલાંની યાદ તાજી કરાવતું હિંડોળા વિશેષ પ્રદર્શન તથા ગોવર્ધન દર્શનનું અદભુત રીતે શણગાર કરીને સૌ હરિભક્તો સમક્ષ પ્રદર્શિત કરાયું હતું.



આ અંગે કોઠારી શા.સ્વામી ગોલોકવિહારીદાસજીએ કહ્યું હતું કે ઋષિમુનીએ પ્રવર્તાવેલી દર વર્ષે અષાઢ-શ્રાવણ માસમાં, હિંડોળાની પરંપરાને જાળવી રાખવી એ આપણી પવિત્ર ફરજ છે, તેથી જ આ વખતે હિંડોળા મહોત્સવને ખૂબ ધામૂમથી ઉજવીએ છીએ, આ વર્ષે આપણા મંદિરમાં હિંડોળા તેમજ વિશાળ ગોવર્ધનને ભગવાને પોતાના હાથ ઉપર ધારણ કરેલ તેના દર્શનનો લાભ સર્વેને થયેલ તેમ જણાવ્યું હતું.



કાર્યક્રમને સફળ બનાવવા શાસ્ત્રી સ્વામી નારાયણપ્રિયદાસજી, શાસ્ત્રી સ્વામી પ્રેમવલ્લભદાસજી, કોઠારી શાસ્ત્રી સ્વામી શ્રીરંગદાસજી, સાંગીતજ્ઞ સ્વામી



વાસુદેવપ્રિયદાસજી વિગેરે હિંડોળા સમિતિના સંતો તથા મંડળના અન્ય યુવાન સંતો તથા કોઠારી સામજીભાઇ ધનજી હીરાણી, ટ્રસ્ટી મંડળના સર્વેસદસ્યોતથા કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો તથા સાં.યો. ત્રિવેણીબાઇ આદિ સમગ સાં.યો. બહેનો તથા સર્વે નાના મોટા



બાઇઓ તથા ભાઇઓ સર્વે પોતાનો કિંમતી સમય આપીને આ હિંડોળા મહોત્સવને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવેલ, તો આ પાવન પ્રસંગ વડીલ સંતોના વરદહસ્તે આરતી સાથે સમાપન થયું.

એક મહિના દરમ્યાન ચાલેલ હિંડોળા ઉત્સવમાં સહભાગી થનાર દાતાઓ, સ્વયંસેવકો, બહેનો ભાઇઓને પૂ મહંત સ્વામીએ અંતરના રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

- મેહુલભાઇ પ્રવિણભાઇ ઠક્કર (મહેતાજી)

## માંડવી પ્રસાદી મંદિર હિંડોળા પ્રારંભ

શ્રીસ્વામિનારાયણ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી પુરુષોત્તમસ્વરૂપદાસજી અને કોઠારી સ્વામી સંતજીવનદાસજી દ્વારા માંડવી પ્રસાદી મંદિર મધ્યે દરરોજ નવિન હિંડોળાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

ત્યારે માંડવી મંદિરમાં વૃન્દાવનવિહારી



હરિકૃષ્ણમહારાજનું અખંડ ભજન કરતા સાં.યો. બહેનો નાના મેઘબાઈ ફઈ, સાં.યો.શિલ્પાબાઈ ફઈ, સાં.યો.સરલાબાઈ ફઈ, સાં.યો. કસ્તુરબાઈ ફઈ દ્વારા માંડવી શહેરમાં સત્સંગ ઉજાગર કરવામાં આવી રહ્યો છે. મહિલા સત્સંગ સભાનું આયોજન કરી હિંડોળાનાં યજમાન અને કથા પ્રસંગે જીવનું મોક્ષ સરળ બનાવવામાં આવી રહ્યું છે.

માંડવી પ્રસાદી મંદિરના પુજારી કરસનભાઈ હિરાણી-વેકરા, સેવા આપતા મનજીભાઈ રાબડીયા-મસ્કા, શીવજીભાઈ વેકરીયા-માંડવી, લાલજીભાઈ હાલાઈ-માંડવી હરિભક્તો દ્વારા મંદિરમાં વિવિધ ઉત્સવો સત્સંગની પ્રવૃત્તિઓ કરવામાં આવી રહી છે.

અહેવાલ- નિર્મલકુમાર આસોડીયા-માંડવી

## છપૈયાધામને આંગણે શ્રીઘનશ્યામલીલામૃત સાગર પંચાહ્ન પારાયણ

શ્રીસ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યભુમિ છપૈયાધામને આંગણે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોના રાજીપાર્થે ગામ સામત્રાના તપસ્વીની સાં.યો.નાનબાઈ વાલજી પિંડોરીયાના યજમાન પદે ભુજથી ખાણ, મથુરા, વૃંદાવન, અયોધ્યાની યાત્રા કરતા કરતા છપૈયાધામને આંગણે તા.૫/૫/૨૦૨૪ થી તા.૯/૫/૨૦૨૪ શ્રાવણ મહિનાના પ્રારંભે બાલપ્રભુ શ્રીઘનશ્યામ





મહારાજના પાવનકારી ચરિત્રોથી ભરપૂર શ્રીઘનશ્યામલીલામૃત સાગર પંચાહ્ન પારાયણ મહોત્સવ ઉજવાયો હતો. જેના વક્તાપદે તપોમૂર્તિ પુ.સ્વામી ઈશ્વરસ્વરૂપદાસજી અને શા.સ્વામી રામકૃષ્ણદાસજી અને પુ.સ્વામી દેવપ્રસાદદાસજી પોતાની મધુર વાણીથી જ્યાં બાલપ્રભુ શ્રીઘનશ્યામ અનેકવિધ લીલાઓ કરી તેવા છપૈયાધામની પાવનકારી જગ્યાએ ઘનશ્યામના બાળમિત્રો સાથે, ભક્તિમાતા, ધર્મદેવ, સુવાસિનીભાભી સાથે કરેલ દિવ્ય ચરિત્રોની ગાથાનું અદ્‌ભુત રસપાન કરાવ્યું હતું.





કથા અંતર્ગત ભવ્ય રાસોત્સવ, શ્રીઘનશ્યામ જન્મોત્સવ, અનેક જીવોના કલ્યાણરૂપ પાવનકારી મૂર્તિમંત તીર્થ એટલે નારાયણસરોવરમાં સમૂહ સ્નાન અને મહાઆરતીનો અલભ્ય લાભ દરરોજ સવારે મંગળા આરતી કરીને સંતો, સાં.યો.બહેનો અને



હરિભક્તોના એકતાલે ભક્તિભાવથી ધૂન કરતાં કરતાં નારાયણસરોવરની પ્રભાતફેરીનો આનંદ, છપૈયામાં પ્રગટ બિરાજમાન બાલપ્રભુ શ્રીઘનશ્યામ મહારાજનો કેસરજળ અભિષેકના દિવ્ય દર્શન, શ્રીઘનશ્યામ સમક્ષ રસદાર ફળકુટ ઉત્સવ અને સૌને મુક્તપણાનો અહેસાસ થાય તેવી



શ્રીઘનશ્યામ જન્મભુમિ પર દરરોજ સવારે મંગળાઆરતી કરીને મહાપૂજાનો અનેરો આનંદ સંતો-ભક્તોના હૃદયમાં અનેરો દિવ્ય માહોલ સર્જાયો હતો.

યજમાનશ્રી સાં.યો.નાનબાઇ વાલજી પિંડોરીયાના આ દિવ્ય કથા પ્રસંગે ભુજધામથી મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી દેવપ્રકાશદાસજી, સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજી આદિ આઠેય મંડળના ૬૦ જેટલા બ્રહ્મનિષ્ઠ સંતો તથા ૭૫ થી વધારે તપસ્વીની સાં.યો.બહેનો પધારી ઉત્સવની શોભા વધારી હતી.



સભા સંચાલનની સંપૂર્ણ જવાબદારી શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી તથા કથા અંતર્ગત ઉત્સવોની જવાબદારી શા.સ્વામી ઘનશ્યામનંદનદાસજી, પુ.સ્વામી ઉત્તમપ્રિયદાસજી અને શા.સ્વામી ભક્તિપ્રકાશદાસજીએ સંભાળી હતી. સંતોના ભંડારની સેવા શા.સ્વામી સુખનંદનદાસજી તથા પુ.સ્વામી આનંદપ્રિયદાસજીએ સંભાળી હતી. કથા તેમજ રાસોત્સવમાં સંગીતકારની સેવા પુ.સ્વામી શ્રીજીનંદનદાસજી, પુ.સ્વામી હરિજીવનદાસજીએ સંભાળી હતી.

સાં.યો.નાનબાઇ ફઇના ઉત્સવની પૂર્વ તૈયારીમાં સંતો સાથે નાનબાઇ ફઇના ભાઇ હરીશભાઇ પિંડોરીયા ખૂબ સારી મહેનત કરી યાત્રા, ઉતારા, ભોજન આદિ સેવા સંભાળી હતી. સાં.યો. ફઇ તેમજ શ્રીઘનશ્યામ મહારાજનો રાજીપો મેળવ્યો હતો. છપૈયાના મહંત સ્વામી, કોઠારી સ્વામી આદિ સંતોનો પણ વ્યવસ્થામાં સહયોગ રહ્યો હતો. યજમાન સાં.યો. નાનબાઇ ફઇ તરફથી છપૈયાના શ્રીઘનશ્યામ મહારાજના

વાઘા અને ભેટ તથા ભુજધામને ભેટ અને સંતો, સાં.યો.બહેનોને નૈવેદ્ય, પહેરામણી-સન્માન આદિ ઉત્સવ શ્રીઘનશ્યામ મહારાજની કૃપાથી નિર્વિઘ્ન ઉજવાયો.

અહેવાલ - સ્વામી ઘનશ્યામનંદનદાસજી

## શ્રીઘનશ્યામ જન્મભૂમિ છપૈયાધામને આંગણે પંચાહ્ન પારાયણ

શ્રીસ્વામિનારાયણ ભગવાનના પ્રાગટ્યભુમિ છપૈયાધામનો આંગણે પ.પુ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રીકૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ તેમજ ભુજ મંદિરના મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોના રાજીપાર્થે અને પિતાશ્રી અ.નિ.ભીમજીભાઇ પ્રેમજી શીયાણી, માતૃશ્રી અ.નિ.લાલબાઇ ભીમજી શીયાણીના સ્મણાર્થે પ.ભ.પરબતભાઇ ભીમજી શીયાણી, ધ.પ.જશુબેન, સુપુત્ર મનિષભાઇ, ધ.પ.દામિનીબેન આદિ સમગ્ર પરિવારના યજમાન હેઠળ તા.૧૧/૮/૨૦૨૪ થી તા.૧૫/૮/૨૦૨૪ શ્રીમદ્ સત્સંગિજીવન પંચાહ્ન પારાયણ મહોત્સવ ઉજવાયો હતો. જેના વક્તાપદે કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી અને શા.સ્વામી પતિતપાવનદાસજી પોતાની મધુર અને સ્પષ્ટ વાણીમાં લોકોને ગરકાવ કરી પ્રભુમય બનાવ્યા હતા.

છપૈયા કથા પ્રસંગે શીયાણી પરિવારના સંબંધીઓ અને કંપનીમાં કામ કરતા આશરે ૩૫૦ જેટલા પરિવારજનો સાથે મિરજાપરના ભક્તોને નિઃશુલ્કભાવે ભુજ, ખાણ, મથુરા, વૃંદાવન, કાશી, અયોધ્યા અને છપૈયામાં રહેલ અનેકવિધ



પાવનકારી શ્રીઘનશ્યામ બાળલીલા કરેલ પવિત્ર સ્થળોની યાત્રા કરાવી ભક્તોનો રાજીપો મેળવ્યો હતો.

કથા પૂર્વેની રાત્રી સત્રમાં સંગીતકાર સ્વામી ભજનપ્રકાશદાસજી અને મ્યુઝિક ટીમે ભવ્ય રાસોત્સવની મોજ અપાવી હતી. કથા અંતર્ગત ઉત્સવોમાં શ્રીનરનારાયણ પૂજન, શ્રીઘનશ્યામ જન્મોત્સવ, શ્રીહરિ પટ્ટાભિષેક અને



ફૂલડોલોત્સવ સાથે મ્યુઝિક હાઉસી કીર્તનધામ ગેમ અને સમૂહ મહાપૂજામાં અનંત મુક્તો સહિત શ્રીહરિની પૂજા કરવાનો અનેરો આનંદ, બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃત દ્વારા અભિષેક, અન્નકૂટ અને બાલપ્રભુ શ્રીઘનશ્યામ જેમાં વારંવાર સ્નાન કરેલ અને અનેક જન્મોના પાપનો નાશ કરનાર એવું નારાયણસરોવરમાં સમૂહ સ્નાન સાથે મહાઆરતી જેવા ભક્તિમય ઉત્સવો ઉજવી બાલપ્રભુ શ્રીઘનશ્યામને રાજી કર્યા હતા.



આ પાવન પ્રસંગે અમદાવાદ પિઠાધિપતિ પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ સાથે લક્ષ્મીસ્વરૂપા દાગીવાળાશ્રી પણ પધારી બહેનોને સત્સંગનો યોગ આપ્યો હતો. અને ભુજધામથી મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી

ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ ૬૦ જેટલા બ્રહ્મનિષ્ઠ સંતો અને ૧૦૮ જેટલાં તપસ્વીની સાં.યો.બહેનો પધારી ઉત્સવના અનેરા આનંદમાં વૃદ્ધિ કરી હતી. ઉત્સવ નિમિતે ભુજ, છપૈયા, અમદાવાદ, કંપાલાના ઠાકોરજીને શુસોભિત વાઘા સાથે ભેટ અર્પણ કરી હતી.



તા.૧૬ ના બપોરપછી સંતો તથા યજમાનશ્રીના વરદ્‌હસ્તે છપૈયાધામને આંગણે સૌ પ્રથમવાર ભવ્યાતિભવ્ય અનેકવિધ ઉપચારો સાથે બાલસ્વરૂપ શ્રીઘનશ્યામ મહારાજનું રાજોપચારથી આયોજન થયેલ. રાજોપચારની વિધિને અંતે શ્રીઘનશ્યામ મહારાજ ઉપર ૨૦૦ કિલો ગુલાબની પાંખડીથી પુષ્પવર્ષાનો દિવ્ય આનંદ કંઈક અનેરો હતો. જે દશ્ય અત્યારસુધી પણ ભક્તોના માનસપટ પર સજીવન રહે છે. ત્યારબાદ ઠાકોરજીને પાલખીમાં બેસાડી વાજતે



ગાજતે ધામધૂમથી નારાયણસરોવરની પ્રદક્ષિણા કરી નિજ મંદિરમાં પાછા આવીને મહાઆરતીનો અલભ્ય લાભ મળ્યો હતો.

આ ઉત્સવનું સંપૂર્ણ આયોજન ભુજ મંદિરના મહંત સ્વામી તેમજ મંડલેશ્વર સદ્‌ગુરુ સ્વામી દેવકૃષ્ણદાસજીના મંડળના સંતો સાથે



અન્ય સંતોના સાથ સહકારથી ઉત્સવ મહોત્સવના રૂપમાં રૂપાંતર થયેલ. સભા સંચાલનની સંપૂર્ણ જવાબદારી શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, યજમાનશ્રીઓને તેમજ ભક્તોને પ્રસંગોપાત સન્માન, પહેરામણી, આવકારનું કાર્ય આબેહૂબ નભાવી સંતો-ભક્તોને રાજી કર્યા હતા. ઉત્સવને વધુ દિપાવવા અને કાંઈ ઉણપ ન રહે તે માટે તેમજ પૂરવ તૈયારી માટે મહંત સ્વામીની આજ્ઞાથી, યજમાનશ્રીના ભાવ અને સંકલ્પને સાકાર કરવા સદ્‌ગુરુ સ્વામી નીલકંઠચરણદાસજીના માર્ગદર્શન હેઠળ શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા.સ્વામી ઘનશ્યામનંદનદાસજી, શા.સ્વામી



ભક્તિપ્રકાશદાસજી, પુ.સ્વામી ઉત્તમપ્રિયદાસજી. સંતો સાથે પરબતભાઇ શીયાણી મિરજાપર-કંપાલાના સહજાનંદી ભક્તોએ ઉતારા, યાત્રા, ભોજન, મેડિકલ, સભામંડપ, ડેકોરેશન, કથા અંતર્ગત ઉત્સવો, મહાપૂજા, રાજોપચાર આદિ અનેકવિધ વિભાગોમાં સેવા સંભાળી ઉત્સવને શોભાવ્યો હતો. સંતોના રસોડાની સેવા સ્વામી સુખનંદનદાસજી, પુ.સ્વામી આનંદપ્રિયદાસજી સંતો પાર્ષદોએ અનેરી જવાબદારી સંભાળી સંતોનો રાજીપો મેળવ્યો હતો. છપૈયાના મહંત સ્વામી, કોઠારી સ્વામી આદિ સંતોનો પણ વ્યવસ્થામાં સહયોગ રહ્યો હતો.

**અહેવાલ - સ્વામી ઘનશ્યામનંદનદાસજી**

## બન્ની વિસ્તારના છેવાડાના ગામોમાં વસતા લોકોને રાશનકીટનું વિતરણ

દિનાંક.૩/૮/૨૪ શનિવાર સમગ્ર કચ્છમાં સાર્વત્રિક વરસાદ સારો વરસી રહ્યો છે ત્યારે બન્ની જેવા અંતરીયાળ વિસ્તારમાં રહેતા લોકો આ પરિસ્થિતિમાં કામધંધાથી વંચિત રહી, રાશન વિગેરે મેળવવું પણ મુશ્કેલ બનતું હોય છે ત્યારે ભુજ મંદિરના સંતોએ ચિંતા સેવીને ભુજ પ્રસાદી મંદિર શ્રીઘનશ્યામ મહારાજ પંચાબ્દી મહોત્સવ ઉપક્રમે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી



ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગતની પ્રેરણાથી પ્રસાદી મંદિરના મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુકુંદજીવનદાસજી, સદ્‌ગુરુ સ્વામી હરિબળદાસજી, કોઠારી પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીની આજ્ઞાથી બન્ની વિસ્તારના હાજીપીર, લમણા, ભીટારા, ગોરેવલી, માધવનગર(ડુમારો), સંતાડો વિગેરે ગામોમાં અનાજ, તેલ, ખાંડ, ખીચડી, ચોખા તેમજ મસાલા સાથે રાશન અર્પણ કરવામાં આવ્યું હતું.

## ભુજ મંદિરના સંતોએ અયોધ્યામાં બિરાજમાન શ્રીરામના દર્શન કરી ધન્યતા અનુભવી

સમગ્ર વિશ્વના સનાતનીઓ જ્યારથી અયોધ્યાના નૂતન મંદિરમાં મર્યાદા પુરુષોત્તમ શ્રીરામની અલૌકિક મૂર્તિના દર્શને આવી રહ્યા છે. ત્યારે ભારતમાંથી પણ અનેક સાધુ, સંતો, મહંતો અયોધ્યાની યાત્રા કરી રહ્યા છે. ત્યારે ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, કંપાલાના પરબત ભીમજી શીયાણી અને મનિષ શીયાણીની ઉપસ્થિતિમાં છપૈયાથી અયોધ્યા પધારી મનમોહક મૂર્તિના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. સ્થાનિક કમિટીના હોદેદારોએ મહંત સ્વામી અને સંતવૃંદનું શાલ ઓઢાડી સન્માન કર્યું હતું. ત્યારબાદ મંદિરનું બાકી રહેલ બાંધકામ જે પુરજોશમાં ચાલી રહ્યું છે તેનું નિરીક્ષણ કર્યું હતું.

## ભુજ શ્રીસ્વામિનારાયણ વિદ્યાલય સ્વાતંત્ર્યદિનની ઉજવણી

૭૮ માં સ્વાતંત્ર દિન નિમિતે વિદ્યા સંકુલના સંચાલક શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીના વરદ્‌હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને સંબોધિત કરતાં શાસ્ત્રી સ્વામી હરિવલ્લભદાસજીએ જણાવ્યું હતું કે, વિદ્વાનોથી દેશ પૂજાય છે. વિવિધ સ્વતંત્રતા સેનાનીઓના બલિદાનને યાદ કરવાનો આ દિવસ છે.

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજથી પધારેલ સ્વામી સંતસ્વરૂપદાસજીએ પ્રાસંગિક પ્રવચન આપતા વિશ્વનું હૃદય ભારત છે. વાણી અને વર્તનમાં ભારતીયતાની ઝલક હોવી જોઈએ.

શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળના મંત્રીશ્રી જગદીશભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, દેશના ઘડતર માટે દેશના નાગરિક વિદ્યાર્થીઓએ સંકલ્પબદ્ધ રહેવું જોઈએ. જીવનમાં નિર્વ્યસની થવું, સ્વચ્છતાના આગ્રહી બનવું, ભ્રષ્ટાચારમુક્ત



રહેવા આહ્વાન આપ્યું હતું.

શાળાના આચાર્યશ્રી સુરશભાઇ પટેલે વિદ્યાર્થીઓને મહામહેનતે મેળવેલ આઝાદીને જાળવી રાખીને દેશને ઉન્નતિ તરફ લઇ જવા પ્રેર્યા હતા.

આ પ્રસંગે યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ગીત પર નૃત્ય, નુક્કડ નાટક, લેઝીમ તથા ડમ્બેલ્સનાં કરતબ, વાદ્ય સંગીત પર દેશભક્તિ ગીતોથી માહોલને દેશભક્તિમય બનાવી દીધેલ હતાં.

સહસંચાલક સ્વામી અક્ષરમુક્તદાસજી, સ્વામી ઘનશ્યામપ્રિયદાસજી, સ્વામી પ્રિયદર્શનદાસજી આદિ સંતો ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પ્રેર્યા હતા.

શ્રીસ્વામિનારાયણ કેળવણી મંડળના પ્રમુખશ્રી લક્ષ્મણભાઇ હિરાણી, ઉપપ્રમુખશ્રી વિનોદભાઇ શીયાણી, મંત્રીશ્રી જગદીશભાઇ વાઘાણી, શાળાના પૂર્વ આચાર્યશ્રી જનકભાઇ ભટ્ટ, શ્રીટીનેશભાઇ ગોર, વિદ્યાર્થી ભવનના મંત્રીશ્રી દેવશીભાઇ, ટ્રસ્ટીશ્રી મનજીભાઇ, શ્રીરાજેશભાઇ સહિત વિવિધ અગ્રણીઓએ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

કાર્યક્રમનું સંચાલન શાળાના શિક્ષકશ્રી હરેશભાઇ નાથે, આભારવિધિ સુપરવાઇઝરશ્રી હિતેશભાઇ વ્યાસે કરી હતી. વિજ્ઞાન પ્રવાહના આચાર્યશ્રી કલ્પેશભાઇ પટેલ, પ્રાથમિક વિભાગના આચાર્યશ્રી ઐશ્વર્યાબેન મેપાર, ચેતનભાઇ લાખાણી, ભરતભાઇ સાપાનેરા તથા ઉપેનભાઇ સોલંકીએ સમગ્ર આયોજન તથા વ્યવસ્થા સંભાળેલ હતી.

## ભુજ સ્વામિનારાયણ મંદિર અને જંગલખાતાના સંયુક્ત ઉપક્રમે ૨૫ એકરમાં પ્લાનીંગ સાથે કરાશે વૃક્ષારોપણ

**દરેક સંસ્થા ''એક પેડ માં કે નામ'' અંતર્ગત કટિબદ્ધતા દાખવ તો કચ્છ નંદનવન બની શકે**

નારાયણસરોવર વડાપ્રધાનના નિર્દેશને અનુલક્ષી કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા હાલમાં ''એક પેડ માં કે નામ'' અંતર્ગત સમગ્ર ભારતમાં રાષ્ટ્ર ભાવના સાથે વૃક્ષારોપણ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે. કચ્છને નંદનવન બનાવવાની પહેલ અને વિચારશ્રેણી અંતર્ગત ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર અને કચ્છ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ દ્વારા ૨૫ એકર જમીનમાં જુદા જુદા વૃક્ષોનું વાવેતર કરવા આયોજન હાથ ધરવામાં આવ્યું છે. જે સંદર્ભે પ્રથમ ૧૨ એકર જમીન પર વૃક્ષારોપણનું કાર્ય ભુજ મંદિરના ઉપમહંત સ્વામી ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, સ્વામી વિશ્વપ્રકાશદાસજી, સ્વામી દેવપ્રકાશદાસજી, સ્વામી પરમહંસદાસજી, સ્વામી કૃષ્ણવિહારીદાસજી, ભુજ મંદિરના મુખ્ય કોઠારી મુરજીભાઇ શીયાણી, ઉપકોઠારી જાદવજીભાઇ ગોરસીયા, સલાહકાર સમિતિના સભ્ય રામજીભાઇ વેકરીયા, ટ્રસ્ટીશ્રીઓ, વાઘજીભાઇ વેકરીયા, રામજીભાઇ દબાસીયા, કાનજીભાઇ મેપાણી તેમજ એરિયા ફોરેસ્ટ ઓફિસરો સાથે રહીને આ મહત્ત્વપૂર્ણ કાર્યની શરૂઆત કરી હતી.

અત્રે નોંધવું જરૂરી બને છે કે આવનારા

સમયમાં આ પ્રસિદ્ધ યાત્રાધામ નારાયણસરોવર ખાતે ભુજ સ્વામિનારાયણ મંદિર દ્વારા ૧૨ એકરમાં એક ભવ્ય મંદિર, એકી સાથે ૧૦૦૦ યાત્રાળુઓ અને પ્રવાસીઓ રહી શકે તે માટે સુંદર રહેવાની, ભોજન-પ્રસાદ, ભાગવત કથા માટે વિશાળ કથા મંડપ વિગેરેના બાંધકામોનું કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. જેમનું નિરીક્ષણ સંતો, ટ્રસ્ટીઓ અને સમિતિના સભ્યો કર્યું હતું.

## શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવામાં 'એક દિન શહિદોં કે નામ' કાર્યક્રમની ઉજવણી

શ્રીસહજાનંદ ગુરુકુળ માનકુવા સંચાલિત શ્રીપુરુષોત્તમ વિદ્યાલય ગુજરાતી માધ્યમ અને એસ.એસ.જી.એમ. સ્કૂલ અંગ્રેજી માધ્યમના સંયુક્ત ઉપક્રમે પૂજનીય સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય ચેતનાને સમર્પિત અને દેશભક્તિની દાઝને જાગૃત કરતા 'એક દિન શહિદોં કે નામ' કાર્યક્રમની ભાવભેર ઉજવણી કરવામાં આવી.

પૂજ્ય સંતોના સાનિધ્યમાં ધૂન, પ્રાર્થના તથા દીપ પ્રાગટ્યથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ આમંત્રિત અતિથિગણ તેમજ સંતોનું શાબ્દિક સ્વાગત અને પુષ્પગુચ્છ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું. વ્યાયામ શિક્ષકો કૃત એન.સી.સી.ની ટીમ દ્વારા ભારતીય સેનાના ત્રણ દળોને પ્રદર્શિત કરતી શિસ્તબદ્ધ પરેડ યોજાઈ, ત્યારબાદ ભારતના વીર સૈનિકોને સમર્પિત કાર્યક્રમ અંતર્ગત 'ચક દે ઈન્ડિયા', 'વીર ભગતસિંહની શહિદી', 'તલવાર રાસ', '૩૭૦ કલમે-કશ્મીર', 'જય જવાન જય કિશાન', 'સ્ટોરી ઓફ સોલ્જર', 'પુલાવામા હુમલો', 'ભવિષ્યના ભારતની ઝાંખી કરાવતું 'આઓ બચ્ચોં તુમ્હેં દિખાયેં' વિગેરે નાટિકા અને નૃત્ય નાટિકા, દેશભક્તિ ગાન પ્રસ્તુત કરતી કૃતિઓ વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરવામાં આવી. આ વિશેષ કાર્યક્રમના ઉપલક્ષ્યમાં શા.સ્વામી ભક્તિપ્રિયદાસજીએ ભારતીય સેનાનું દરેક યુદ્ધમાં અપ્રતિમ પ્રદર્શનનું ઝાંખી કરાવતું વક્તવ્ય તેમજ આશીર્વચન પાઠવ્યા હતા. કાર્યક્રમ સંદર્ભે વાલીશ્રીઓએ સ્વપ્રતિભાવ આપ્યા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં ભારતીય સૈન્યદળની ગરિમાગર્વ સંવર્ધિત થાય, રાષ્ટ્રભાવના જાગ્રત થાય તેમજ દેશહિતની પ્રેરણા પૂરી પાડવાની સાથોસાથ સૈન્ય સુરક્ષા ફંડ એકત્ર કરવાનો હતો. જેમાં દાતાગણ તેમજ વાલીશ્રીઓ દ્વારા સૈન્યના જવાનોને દાન દ્વારા માતબર રકમ એકઠી કરવામાં આવી હતી જે ગુરુકુળની એક અનોખી તેમજ ગૌરવશાળી પહેલ રહી હતી.

કાર્યક્રમમાં માનાકુવાના પી.એસ.આઈ.શ્રી, પૂજનીય સંતો શા.સ્વામી ભક્તિપ્રિયદાસજી, ટ્રસ્ટીશ્રીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. ગુરુકુળના સંચાલક શા.સ્વામી આનંદસ્વરૂપદાસજી કાર્યક્રમને સફળ કરવામાં સેવા સમર્પિત રહ્યા હતા. ગુજરાતી માધ્યમના આચાર્યશ્રી મદનસિંહ ચાવડા, હાર્દિક વ્યાસ તેમજ અંગ્રેજી માધ્યમના અરવિંદ ગોયલ, સૌરભ શ્રીવાસ્તવનું માર્ગદર્શન સાંપડ્યું હતું.

અહેવાલ - આચાર્યશ્રી માનકુવા

## શ્રીસ્વામિનારાયણ મંદિર માધાપર શ્રીહરિલીલામૃત પંચાહ્ન પારાયણ યોજાઇ

માધાપર નવાવાસ સ્વામિનારાયણ મંદિર મધ્યે તા.૬/૮/૨૦૨૪ થી તા.૧૦/૮/૨૦૨૪ સુધી પ.ભ.અ.નિ. દેવજીભાઇ કરસનભાઇ ભીમજી વરસાણી (પૂજારી), ધ.પ. ગં.સ્વ.સુંદરબાઇ, સુપુત્ર કીર્તિભાઇ, સુપુત્ર જગદીશભાઇ, ધ.પ.નંદુબેન, સુપુત્ર હરીશભાઇ, ધ.પ.જયાબેન, પૌત્ર શ્યામ, રાઘવ, હરેન તથા રુદ્ર વરસાણી પરિવારના યજમાને શ્રીહરિલીલામૃત

પંચાહ્ન પારાયણનું ખૂબ ધામધૂમથી આયોજન કરાયું હતું.

ભુજ મંદિરેથી મંડળધારી સદ્ગુરુ સ્વામી લક્ષ્મીપ્રસાદદાસજી, સદ્ગુરુ સ્વામી વિશ્વવલ્લભદાસજી, સ્વામી શ્રીજીપ્રકાશદાસજી વક્તા સ્વામી દેવનંદનદાસજી, સ્વામી નિર્ભયજીવનદાસજી, સ્વામી ભક્તિવિહારીદાસજી, સ્વામી શ્રીપ્રકાશદાસજીએ સુમધુરે શૈલીમાં કથામૃત રસપાન કરાવી હરિભક્તોને રાજી કર્યા હતા. સંભા સંચાલન સ્વામી કેશવપ્રિયદાસજીએ સંભાળ્યું હતું.

ભુજ, અંજાર, માંડવી, પ્રસાદી મંદિર તથા ભુજ મંદિર સંચાલિત ગુરુકુળોમાંથી બહોળી સંખ્યામાં સંતો પધારી યજમાન પરિવારને આશીર્વાદ પાઠવ્યા હતા.

કચ્છ ચોવિસીના સાં.યો. બહેનો મહોત્સવમાં પાંચેય દિવસ પધારી દર્શનનો લાભ આપ્યો હતો.

કથા પ્રસંગે પાંચેય દિવસ બંને ટાઈમ ભોજન પ્રસાદની વ્યવસ્થા યજમાન પરિવાર દ્વારા કરવામાં આવી હતી.

અહેવાલ - ભીમજીભાઈ મુરજી ભુડિયા - માધાપર

## શ્રી સ્વામિનારાયણ કન્યા વિદ્યામંદિરની વિદ્યાર્થિનીઓની ઝળહળતી સિધ્ધિ..

રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ ગાંધીનગર અંતર્ગત જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ભુજ દ્વારા શાળાકિય



રમતોત્સવમાં તા.૨૭/૦૭/૨૦૨૪નાં જિલ્લા કક્ષાની યોગાસન હરીફાઈમાં ટ્રેડિશનલ, વ્યકિતગત અને રિધેમેટિક યોગમાં સમગ્ર જિલ્લામાં અમારી શાળાની દિકરીઓએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર મેળવી સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. પ્રથમ ક્રમની દિકરીઓ રાજય કક્ષાએ કચ્છ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

## ભુજ મંદિરે ચાતુર્માસ પારાયણ પૂર્ણાહુતિ તથા શ્રીકૃષ્ણજન્માષ્ટમી ઉત્સવ ધામધૂમથી ઉજવાયો

શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજ દર વર્ષની જેમ આ વર્ષે પણ ચાતુર્માસ અંતર્ગત અષાઢ સુદ એકાદશી થી શ્રાવણ વદ આઠમ (શ્રીકૃષ્ણ જન્માષ્ટમી) સુધી સવારે શિક્ષાપત્રી ભાષ્ય અને સાંજે શ્રીમદ્ ભાગવત કથાનું આયોજન દોઢ મહિના સુધી રહ્યું હતું. જેમા પુ.સ્વામી નીલકંઠજીવનદાસજી, પુ.સ્વામી નિર્ભયસ્વરૂદાસજી, પુ. સ્વામી શ્રીજીપ્રકાશદાસજી અને પુ.સ્વામી દેવપ્રસાદદાસજીએ પોતાની સુમધુર શૈલીમાં કથામૃતનું પાન કરાવ્યું હતું. બહોળી સંખ્યામાં ભક્તજનો કથા શ્રવણનો લાભ લીધો હતો.

તા.૨૬/૮/૨૦૨૪ શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના દિવસે બાલ મંડળના બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમમાં કીર્તન, ધૂન, શ્રીકૃષ્ણાખ્યાન, મટકી ફોડ, રાસોત્સવ જેવા વિવિધ સુંદર



આયોજન થયેલ. અને વેશભૂષામાં પ્રથમ ૧ થી ૫ માં ક્રમે આવનાર બાળકોને ઈનામો આપી



પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અને કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના યુવાનો દ્વારા કીર્તન, ધુન, મટકીફોડ, રાસોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સર્વે આયોજન મહંત સ્વામીની આજ્ઞાથી કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળ સંચાલક સંત સમિતિના સંતો અને યુવાનોએ કર્યું હતું.



બાલિકા મડંળની બાળાઓ તથા યુવતી મડંળની બહેનો દ્વારા બહેનોના મંદિરમાં વિવિધ, ધુન, કીર્તન, શ્રીકૃષ્ણાખ્યાન, રાસોત્સવ જેવા વિવિધ સુંદર સાંસ્કૃતિક આયોજન કરી ધામધૂમથી ઉજવણી કરી હતી.

ઉત્સવ પૂર્ણ થયા બાદ પધારેલ સર્વે ભકતજનોને પંચાજીરી અને પંચામૃતનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

અહેવાલ - રૂપેશભાઇ ઠક્કર

## હમીરસરોવર પૂજન તથા મહાઆરતી

દિનાંક.૨૫/૮/૨૪ રવિવારના રોજ શ્રીઘનશ્યામ મહારાજ પંચદશાબ્દી મહોત્સવ ઉપક્રમે હમીરસરોવર પૂજન તથા મહાઆરતીનો કાર્યક્રમ રાખવામાં આવ્ય હતો. જેનું સ્થળ રઘુનાથજી આરો રાખવામાં આવ્યું હતું. આ પૂજનમાં ઘનશ્યામ બાળ મડંળના ૧૨૫ બાળકો, સંતો, હરિભક્તો, જોડાયા હતા. બળદિયા, મિરજાપર, માધાપર અને કોડકીના બાળકો લાભાન્વિત થયા હતા.



યજમાનપદે ગામ બળદિયાના પ.ભ. શીવજીભાઇ કુંવરજી રાઘવાણી, સુપુત્રો ગોપાલભાઇ, મુકેશભાઇ તથા શાંતિલાલભાઇ આદિ સમગ્ર પરિવાર રહી ભાગ્યશાળી બન્યા હતા. આવેલ સૌ ભક્તોને કથા, આશીર્વાદ તથા પ્રસાદ વિતરણ કરાયું હતું. ગરીબોને કીટ અપાઇ એમના પણ યજમાન રહ્યા હતા.





દિનાંક.૨૬/૮/૨૪ ગોકુલ અષ્ટમીના રોજ શ્રીકૃષ્ણ જન્માષ્ટમી નંદનંદન ભગવાન શ્રીકૃષ્ણની ૫૨૫૧ મો પ્રાગટ્ય મહોત્સવ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. આજરોજ ઝરમર ઝરમર વરસાદ પણ વરસી રહ્યો હતો. રાત્રે ૧૦ થી ૧૧ શ્રીવિષ્ણુસહસ્ત્રનામથી તુલસીપત્ર દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. અને ૧૧ વાગ્યાથી કીર્તન-ધૂન તથા ૧૨ વાગ્યે શ્રીઠાકોરજીને પારણિયામાં પધરાવી પ્રાગટ્યની આરતી સદ્‌ગુરુ



સ્વામી મુકુંદજીવનદાસજીએ કરી હતી. અને નંદ ઘેર આનંદ ભયો જય કનૈયા લાલકીની ધૂન સાથે ધામધૂમથી ઉત્સવ ઉજવાયો હતો. અને આવેલ ભક્તોને પંચાજીરી અને પંચામૃતનો પ્રસાદ અપાયો હતો.

અહેવાલ - કોઠારી સ્વામી રામાનુજદાસ

## ભુજ પ્રસાદી મંદિરે શ્રીકૃષ્ણ જન્માષ્ટમી ઉત્સવ

પ્રસાદી મંદિરે શ્રાવણ માસ દરમિયાન શ્રીમદ્ ભાગવત મહાપુરાણ કથા ચાલી રહી છે. ત્યારે તા.૨૪/૮/૨૪ શનિવારના રોજ ભાગવત દશમસ્કંધ અંતર્ગત શ્રીકૃષ્ણ પ્રાગટ્ય ઉત્સવ ઉજવાયો હતો. સાથે ૧૫ મટકીફોડનો કાર્યક્રમ પણ





રાખેલ હતો. પ.ભ. મુરજીભાઇ કરસન શીયાણી પરિવારે મિતેશ રવિભાઈ શીયાણીના જન્મદિવસને નિમિત્ત બનાવી યજમાનપદ સ્વીકાર્યું હતું. આજના દિવસે ઠાકોરજીના થાળ, સંતોને રસોઇ, હરિભક્તોને ભીના પ્રસાદના યજમાન રહી લાભ લીધો હતો.

કથા આગામી તા.૪/૯/૨૦૨૪ સુધી ચાલશે. કથાના વક્તા પુ.સ્વામી શ્રીપ્રકાશદાસજી તથા ડો.સ્વામી અક્ષરમુનિદાસજી રહ્યા છે. કથા અંતર્ગત રોજ તથા ૫, ૭, ૧૫, ૩૦ દિવસના યજમાનો લાભ લઈ રહ્યા છે.

## શ્રીભક્તિનગર સ્વામિનારાયણ મંદિર બહેનોનું ખાતમુર્હૂત

શ્રીભક્તિનગર સ્વામિનારાયણ મંદિર બહેનોનાં મંદિરમાં સંકળાશ જણાતા મંદિર મોટું કરવા માટે તેમજ ઠાકોરજીના રસોડા માટે તથા સાં.યો.બહેનોના ઉતારા માટે મંદિરમાં તા.૨૧/૭/૨૦૨૪ રવિવાર અષાઢ સુદ પૂનમ (ગુરુપૂર્ણિમા)ના દિવસે પુજ્ય સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પુજ્ય કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સદ્‌ગુરુ સ્વામી વિશ્વપ્રકાશદાસજી, કોઠારી શા.સ્વામી નારાયણમુનિદાસજી, શા.સ્વામી ગોલોકવિહારીદાસજી, પુરાણી સ્વામી પરમહંસદાસજી વિગેરે સંતોના વરદ્‌હસ્તે ખાતમુર્હૂત કરવામાં આવ્યું હતું. વક્તા પુ. સ્વામી સંતસ્વરૂપદાસજી વ્યાસાસન ઉપર બિરાજીને મહારાજે મંદિરો બંધાવ્યાં તેની કથા કરી અને વિશેષ યુવાનોને ખાસ મંદિર સાચવવા માટે મંદિરમાં આવવાની મીઠી ટકોર કરી તથા યુવક મંડળમાં યુવાનો હાજર રહે એવી વિનંતી કરી અને મંદિરમાં સુવિધાઓ વધી રહી છે પણ સાધના ઘટી ન જાય એવી અનેક મીઠી ટકોર કરી હતી. કથા બાદ

શા.સ્વામી નારાયણમુનિદાસજીએ મંદિરના ખાતમુર્હૂતનો ચડાવો, ઠાકોરજીના રસોડાનો ચડાવો, ગ્રાઉન્ડ ફલોરનો ચડાવો અને પહેલા માળનો ચડાવો લેવાની શરૂઆત કરી. બહેનોનું મંદિર વિશાળ થાય છે એટલે સહેજે બહેનોને વધુ ઉત્સાહ હોય કે અમારી કાંઈક સેવા લેખે લાગે એ ન્યાયે બધા ચડાવામાં ઉંચો આંક બહેનોની સભામાંથી આવ્યો હતો. ગુરુપૂર્ણિમાનો દિવસ હોવાથી પૂજ્ય મહંત સ્વામી અને અન્ય સંતોનું પૂજન કરાયું અને ત્યારબાદ યજમાન પરિવારના ભક્તો અને સંતો મંદિરની ખાતમુર્હૂત વિધિ કરી અને સહુ સંતો તથા ભક્તો ભોજનરૂપી મહાપ્રસાદ લીધો હતો.

સમગ્ર આયોજનને સફળ બનાવવા માટે મંદિરની કાર્યવાહક કમિટી, યુવક તથા યુવતી મંડળની સમિતિ, સાંખ્યયોગી બહેનો તથા મંદિરની બાંધકામ સમિતિએ જહેમત ઉઠાવી હતી.

અહેવાલ - કચ્છ શ્રીનરનારાયણદેવ
યુવક-યુવતી મંડળ વતી રમેશભાઈ હિરાણી

## સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરોમાં રાંધણ છઠ્ઠના દિવસે ભગવાનને નીલકંઠવર્ણીના વાઘાનું રહસ્ય

ભુજ, અંજાર, માંડવી અને પ્રસાદી મંદિર સહિત દરેક મંદિરોમાં નીલકંઠવર્ણીના મનમોહક દર્શન.

તા.૨૪/૪/૨૦૨૪ આજે શ્રાવણ વદ છઠ્ઠનો દિવસ છે. જન્માષ્ટમી પૂર્વેની આ છઠ્ઠને લોકમાં રાંધણ છઠ્ઠ કહેવામાં આવે છે. સ્વામિનારાયણ સંપ્રદાયમાં આ છઠ્ઠનો બહુજ મોટો મહિમા છે.

આજનો દિવસ સાંપ્રદાય માટે ઐતિહાસિક દિવસ છે. આજથી ૨૨૪ વર્ષ પૂર્વે બાળપ્રભુ ઘનશ્યામ છપૈયા અયોધ્યાની ભૂમિથી નીલકંઠવર્ણીનો વેશ ધારણ કરી અને સાત વર્ષ એક માસ અને અગિયાર દિવસ સુધી અનેક ગામો ગામ નગરો નગર અનેક વન પર્વતો જંગલોને પાર કરતા કરતા આશરે ૧૬ હજાર કિ.મી. ખુલ્લે પગે પગપાળા વનવિચરણ કરેલું. અને એ વનવિચરણ પૂર્ણ થયા બાદ સંવત-૧૮૫૬ શ્રાવણ વદ છઠ્ઠ એટલે કે આપણી રાંધણ છઠ્ઠ તા.૨૧/૮/૧૭૯૯ ના દિવસે નીલકંઠવર્ણી વનવિચરણ પૂર્ણ કર્યા બાદ સૌ પ્રથમ જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના લોજપુર ગામે પધાર્યા.

સ્વામિનારાયણ સંપ્રદાયના તે વખતના સંત સ્વામી સુખાનંદજી વતી સંતમૂર્તિ વિદ્વાન સંત મુક્તાનંદજીને મળ્યા. સંતમૂર્તિ વિદ્વાન સંત મુક્તાનંદ સ્વામીએ આ નીલકંઠવર્ણીને પોતાની સાથે આશ્રમમાં રાખ્યા, સંભાળ્યા, સાચવ્યા ત્યારથી સ્વામિનારાયણ સંપ્રદાયની અંદર આ નીલકંઠવર્ણીરૂપે તે સ્વામિનારાયણ ભગવાનનું આગમન થયું. એટલા માટે આજનો આ દિવસ ઐતિહાસિક છે. સ્વામિનારાયણ ભગવાને આજે વનવિચરણની યાત્રા પૂર્ણ કરી છે.

લોજપુર ગામથી ભુજ ગુરુ રામાનંદ સ્વામીને પત્ર લખેલો છે. તે પછી રામાનંદ સ્વામી સાથે મુલાકાત થઈ અને પછી સંપ્રદાયની અનેકવિધ પ્રવૃત્તિ આગળ વધી.

આ મુક્તાનંદ સ્વામી એ સંત જેવો ભુજમાં રા'લખપત રાજાની પાઠશાળામાં સંસ્કૃતનો, કાવ્યનો, પિંગળ શાસ્ત્રનો અભ્યાસ કરેલો અને અભ્યાસ દરમિયાન કચ્છમાં સત્સંગની શુભ શરૂઆત કરેલી. રાજગરાનાના વ્યક્તિઓ સુંદરજી સુથાર, હીરજી સુથાર, ગંગારામ મલ્લ, શિવરામ મહેતા અને લાધીબાઈ મહેતા વિગેરે ભુજના નામાંકિત અનેક વ્યક્તિઓ આ સંતોના સહયોગમાં આવ્યા, સત્સંગમાં આવ્યા એના સરવાળે ઉદ્ધવાવતાર રામાનંદ સ્વામી ભુજમાં આવ્યા પછી સ્વામિનારાયણ ભગવાન પણ ભુજમાં આવ્યા અને આ બધાયેના સરવાળે ભુજમાં મોટું મંદિર થયું. શ્રીનરનારાયણદેવની પ્રતિષ્ઠા થઈ એ બધાના મૂળમાં આજનો દિવસ છે. એટલા માટે સ્વામિનારાયણ સંપ્રદાયમાં રાંધણ છઠ્ઠના દિવસનું અલગ અને અનોખું મહત્ત્વ છે. આ દિવસે ભગવાનશ્રીને નીલકંઠવર્ણીના વસ્ત્રો પહેરાવવામાં આવે છે.

અહેવાલ - સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી.

# સત્સંગ સમાચાર - વિદેશ

## શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોની વાર્ષિક સભા

શ્રી કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિર કેન્ટન હેરોની વર્ષ ૨૦૨૪-૨૦૨૫ માટે તા.૨૧/૭/૨૦૨૪ રવિવારે વાર્ષિક સામાન્ય સભા બોલાવવામાં આવેલ હતી. જેમાં નવા ચુંટાયેલા કમિટીના મુખ્ય હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ-શ્રીસુરેશભાઈ શિવજી રાબડીયા-માંડવી, ઉપપ્રમુખ-શ્રીકાનજીભાઈ મનજી કેરાઈ-રામપર, મંત્રી-શ્રીરીકીનભાઈ દિનેશ કેરાઈ-માંડવી, સહમંત્રી-શ્રીઅરવિંદભાઈ પ્રેમજી હાલાઈ-દહીંસરા, સંયુક્ત ખજાનચી-શ્રીધર્મેન્દ્રભાઈ દેવજી જેશાણી-બળદિયા, સંયુક્ત ખજાનચી-શ્રીલલિતભાઈ કરસન ભંડેરી-માંડવી

કમિટીના સભ્યો મનજીભાઈ કેશરા હિરાણી-સુખપુર-રોહા, નિશલભાઈ હરીશ જેશાણી-દહીંસરા, અરવિંદભાઈ કરસન ભંડેરી, ધીરજભાઈ મનજી પટેલ-વાડાસર, માવજીભાઈ શિવજી વરસાણી-સામત્રા, ભાવેશભાઈ દિનેશ કરસન-દહીંસરા, નારાણભાઈ વેલજી ભુડિયા-નારાણપર, રમેશભાઈ સામજી વરસાણી-કેરા, વાલજીભાઈ વિશ્રામ કારા-માંડવી, વિકાસભાઈ રજનીકાંત પટેલ-વાડાસર, મિતેશભાઈ નારાણ આશાણી-વેકરા રહ્યા હતા.

અહેવાલ - પ્રમુખશ્રી સુરેશભાઈ શિવજી રાબડીયા તથા મંત્રીશ્રી-રીકીનભાઈ દિનેશ કેરાઈના જય શ્રી સ્વામિનારાયણ

## હેરો મંદિરે શ્રીમદ્ સત્સંગિજીવન સમૂહ પારાયણ

જીવાત્માનું કલ્યાણ કરનાર ભગવાનનાં લીલા ચરિત્ર છે. “બીક મટાડે જમની ગાઉ હેતે રે હરિ ચરિત્ર સંભાળી” લંડન નગરના કેન્ટન-હેરો વિસ્તારમાં આપણા અનેક ભક્તજનો રહે છે. પચાસ વર્ષથી ભવ્ય સત્સંગ ચાલુ છે. ભુજ મંદિરથી સંતો સત્સંગ ભક્તિનો લાભ આપવા વખતો વખત પધારે છે. અહીંના ભાવિક ભક્તો મંદિર સાથે ખૂબ સંકળાયેલા છે. મંદિર દ્વારા થતી તમામ પ્રવૃત્તિઓમાં ખૂબ ભાગ લેતા હોય છે.

આ હરિભક્તો વહાલા સંબંધીઓની સ્મૃતિમાં દર વર્ષે અલગ અલગ કથા કરાવતા હોય છે પણ હેરો મંદિરના ટ્રસ્ટી મંડળે ચાતુર્માસ દરમિયાન સમૂહ કથા કરવાનું આયોજન કર્યું. એ આયોજન બધા લોકોને ગમ્યું. દર વર્ષની જેમ આ વર્ષે સમૂહ શ્રીમદ્ સત્સંગિજીવનની કથા પારાયણનું આયોજન થયું. આ આયોજનમાં ૩૪ જેટલા યજમાનોએ ભાગ લીધો હતો. તેમાં પોતાના અક્ષરનિવાસી સ્વજનો, વડીલો માવિત્રો, પુત્ર કે પરિવારજનોની પુણ્ય સ્મૃતિમાં આ કથાના યજમાન થયા હતા.

આ ભવ્ય કથાનો શુભારંભ તા.૨૮/૭/૨૦૨૪ સાંજના પોથીયાત્રાથી થયો. તા.૨૯ ના સવારે સ્થાપન-પૂજન કરીને કથાની શુભ શરૂઆત થઈ. ભુજ મંદિરથી પધારેલ વડીલ સંત સદ્ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજી તથા સત્સંગ વિચરણમાં પધારેલ સંતો શાસ્ત્રી સ્વામી વિજ્ઞાનસ્વરૂપદાસજી, ડૉ.સ્વામી લક્ષ્મણપ્રકાશદાસજી, ડૉ.સ્વામી શુકમુનિદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, શાસ્ત્રી સ્વામી તીર્થમુનિદાસજી, પુરાણી સ્વામી નૌતમમુનિદાસજી તથા સંગીતકાર સ્વામી જનમંગલદાસજી તથા યુવક મંડળ સમિતિના સંચાલક પુરાણી સ્વામી મુક્તવલ્લભદાસજી, પુરાણી સ્વામી રાઘવમુનિદાસજી, શાસ્ત્રી સ્વામી હરિસ્વરૂપદાસજી, પુરાણી સ્વામી કૃષ્ણપ્રકાશદાસજી વિગેર ૧૨ સંતોની કથા દરમિયાન હાજરી હતી. તેથી સભા વધુ શોભાયમાન લાગતી હતી.

હેરો મંદિર આયોજિત વિશાળ આયોજનમાં ભુજ મંદિરના ચાર ચાર વક્તા સંતો શ્રીમદ્ સત્સંગિજીવન શાસ્ત્રની રસ અને ભાવપૂર્ણ

કથાનું શ્રવણ કરાવ્યું હતું. આ આયોજનમાં કથા દરમિયાન વિવિધ ઉત્સવો ઉજવવામાં આવ્યા હતા. જેવાં કે જન્મોત્સવ, પટ્ટાભિષેક, ભજન રાત્રી, હાસ્ય રસ, એકાદશી જાગરણ, સંતવાણી, રાસોત્સવ વિગેરે ઉત્સવ ઉજવીને આ ઉત્સવને ભવ્ય બનાવ્યો હતો. ભાગ લેનાર ભક્તોને દિવ્ય અનુભૂતિ થઈ હતી. તદુપરાંત એક દિવસ મહાપૂજાનું ભવ્ય આયોજન હતું. આ મહાપૂજામાં ૨૫૦ થી વધારે સંખ્યામાં ભક્તો સવારે છ વાગ્યે આવીને બે કલાક બેસીને મહાપૂજાનો લાભ લીધો હતો.

આ સંપૂર્ણ ઉત્સવમાં વડીલ સંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી બાલકૃષ્ણદાસજીની પ્રેમાળ પ્રેરણાદાયક ઉપસ્થિતિ હોતા કથા સાંભળવાવાળા ભક્તોની સંખ્યા બહુજ મોટા પ્રમાણમાં રહી હતી. તેથી મંદિર ફૂલ થઈ જતાં ઉપર નીલકંઠ હોલ અને નીચે પાર્કિંગમાં પણ ભક્તોને બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. કથા પૂર્ણ થયા બાદ સૌ ભક્તજનો મંદિરમાં ઠાકોરજીનો મહાપ્રસાદ લઈને ઘેર જતા.

તદુપરાંત આ કથા દરમિયાન દરરોજ વિવિધ મંદિરોના પ્રતિનિધિઓ આ હેરો મંદિરે આવીને દર્શન અને કથા શ્રવણનો લાભ લેતા હતા. મંદિર વતી તેમને મીઠો આવકાર આપવામાં આવતો.

કથાની સમાપ્તિમાં એ ૩૪ યજમાન પરિવારને ભગવાનની અને મંદિરની સ્મૃતિ આપીને તેમનું બહુમાન કરવામાં આવ્યું હતું.

સૌ યજમાન પરિવારો વતી ભવ્ય રાસોત્સવ ઠાકરથાળીનું આયોજન હતું. સંતો સાથે સૌ ભક્તોએ રાસ રમવાનો લાભ લીધો હતો. આવી રીતે આ સમૂહ પારાયણનો ઉત્સવ પૂર્ણ કરવામાં આવ્યો હતો.

અહેવાલ - મંત્રીશ્રી રીકીનભાઈ

## શ્રી ઘનશ્યામ બાળસંદેશ
## (કચ્છ લીલા)

લેખક શા.સ્વામી સંતસ્વરુપદાસજી

### ભુજમાં અન્નકૂટોત્સવ

બાલ મિત્રો ! જયશ્રી સ્વામિનારાયણ, તીર્થધામ ભુજ નગરમાં લાધીબાને ઘેર શ્રીહરિએ અન્નકૂટ ઉત્સવ કરાવી રહ્યા છે. તે વિષેની વાત ગત અંકમાં આપણે વાંચી તે વાત ક્રમશ આગળ વાંચીએ.

ભુજનગર ભગવાન શ્રીહરિ લાધીબાને ઘેર બિરાજમાન છે. ત્યાં લાધીબા આવ્યાં ને દર્શન કરીને બેઠાં. ત્યારે શ્રીહરિએ પૂછ્યું : "લાધીબા અન્નકૂટોત્સવનો કેટલો સામાન તૈયાર થયો છે અને કેટલો બાકી છે ?" લાધીબાએ કહ્યું : "ઘણાં-ખરાં પકવાનો તૈયાર થઈ ગયા છે ને જે બાકી છે તે બની રહ્યાં છે." ત્યારે શ્રીજીમહારાજે કહ્યું : "અમારે આવતી કાલે પકવાન જોવા માટે આવવું છે." લાધીબા કહે : "બહુ સારું મહારાજ !"

બીજે દિવસે શ્રીહરિ ગંગારામમલ્લ, સુંદરજીભાઈ તથા હીરજીભાઈ આદિક હરિભક્તોને સાથે લઈ પાકશાળામાં જવા તૈયાર થયા, ત્યારે શ્રીહરિએ શ્વેત વસ્ત્રો પહેર્યાં હતાં, જમણા હાથમાં સુંદર ફૂમકાંવાળી છડી ધારણ કરી હતી, મૂળજી બ્રહ્મચારીએ ચંદનની ચાખડી લાવીને પહેરાવી હતી. આવી શોભાએ યુક્ત ઉતાવળી ચાલે ચાલતા પાકશાળામાં પધાર્યા. મહારાજને આવેલા જોઈ પાકશાળામાં પકવાન બનાવતી બહેનોએ પોતપોતાના કાર્યને છોડી કરીને દૂરથી મહારાજને પગે લાગીને ઊભી રહી. ત્યારે મહારાજે સુરજબાઈને પૂછ્યું : "તમોએ કયા કયા પાક તૈયાર કરાવ્યા છે ?" ત્યારે સુરજબા કહ્યું : "હે મહારાજ ! સાટા, ઘેબર, સક્કરપારા, સુતરફેણી, જલેબી, મોતીચુર, બરફી, પેંડા, ગુંદવડાં આદિક પાક તૈયાર કરીને મોટા મોટા પટારામાં ભર્યા છે. ને બાકીનાં બીજાં પકવાન થોડા

દિવસમાં તૈયાર થઈ જશે. મહારાજ બહુ રાજી થઈને કહ્યું : "પાકશાસ્ત્રને ભણેલા રસોઈયા કરતાં પણ બહેનો પાક કરવામાં અતિશય હોશિયાર છે."

પછી શ્રીજીમહારાજે પ્રાગજી પુરાણીને કહ્યું : "પ્રાગજી પુરાણી ! તમારી પાકશાળામાં અમારે જોવા આવવું છે તે કયારે આવીએ ?" પ્રાગજી પુરાણી કહે : "હે મહારાજ ! હાલ જ પધારો" પછી મહારાજ સર્વે સખાને સાથે પુરુષ ભક્તોની પાકશાળામાં પધાર્યા. મહારાજને આવતા જોઈ રસોઈયા તત્કાળ પોતપોતાની ક્રિયાને છોડી મહારાજને પગે લાગીને સમીપે ઊભા રહ્યા. મહારાજ રસોઈયાઓને પૂછવા લાગ્યા : "તમોએ બહુ પરિશ્રમ કર્યો છે ને પકવાન બહુ સારાં તૈયાર કર્યા છે. રસોઈયા કહે : "હે મહારાજ ! તમો રાજી થયા તે અમારો પરિશ્રમ સફળ થયો." મહારાજ રાજી થઈ પોતાને ઉતારે પધાર્યા.

આ બાજુ ધનતેરસથી દેશાંતરના હરિભક્તો આવવા લાગ્યા છે. તેમાં પ્રથમ તો પાવર દેશના હરિભક્તો આવ્યા, પછી ખડિર દેશના, પચ્છમ દેશના અને બન્નિ દેશના તથા નાની વાગડ, મોટી વાગડ ને અંજાર ચોવીશી, ભુવડ ચોવીસી તથા હાલાર ચોવીસી ને કંઠી એ સર્વે દેશના હરિભક્તો ભુજનગરમાં આવ્યા. મોડાસો તથા અબડાસો તથા ગરડો ને માકપટના તથા ધ્રંગ એ આદિક દેશના તેમજ રૂકમાવતી નદીને કાંઠે રહેનાર, નનામા ડુંગરમાં રહેનાર તથા ધીણોધર પર્વતની તળાટીમાં રહેનાર, કાળા ડુંગરની તળાટીમાં રહેનાર હરિભક્તો પણ અન્નકૂટના ઉત્સવ ઉપર શ્રીહરિ દર્શન કરવા માટે ભુજનગર આવ્યા છે. તેમજ દેશાંતરમાં ફરતાં જે સંતોનાં મંડળો હતાં તે પણ ત્યાં આવ્યાં. આવીને શ્રીજીમહારાજને દંડવત્ પ્રણામ કરીને દર્શન કર્યાં. શ્રીહરિએ તેમનો સત્કાર કરીને ઉતારાઓ કરાવ્યા છે. શ્રીહરિએ સર્વે હરિભક્તોને કહ્યું : "પોતપોતાને ઉતારે કોઈ અજાણયો માણસ ન પેસવા દેવો." એમ ભલામણ કરી. ઉતારે આવ્યા.

દિવાળીનો દિવસે આવ્યો. પ્રાતઃકાળમાં શ્રીજીમહારાજ સર્વે સંતો, હરિભક્તોને સાથે લઈને હમીર સરોવરમાં સ્નાન કરવા પધાર્યા. સ્નાન કરી વસ્ત્રો ધારણ કરીને તૈયાર થયા. ત્યાં શિવરામ મહેતાએ સુંદર સાજ સજીને હરડી ઘોડી શ્રીહરિ માટે લાવ્યા. શ્રીહરિને પ્રાર્થના કરી ઘોડી ઉપર બેસાડી નાના પ્રકારનાં વાજીંત્ર વગાડતાં થકા ને કીર્તન ગાતાં સર્વે ભક્તો ચાલ્યા. ભુજનગરના સર્વે હરિભક્તોને આનંદ પમાડતાં પોતાને ઉતારે આવ્યા. મૂળજી બ્રહ્મચારી થાળ જમાડી તૃપ્ત કર્યા. પછી સૌ હરિભક્તો જમ્યા.

સાંજના સમયે શિવરામ તથા હરજીવને સુંદર દીપમાળા પુરાવી, તેની મધ્યે પાટ ઉપર ભગવાન શ્રીહરિને બેસાડ્યા. શ્રીહરિને સુંદર જરીયાની વસ્ત્રો ધારણ કરાવી પૂજા કરીને આરતી ઉતારી. પછી સર્વે ભક્તજનોએ મોટો ઉત્સવ કરવા લાગ્યા. દશ વાગ્યાને સમયે ઉત્સવની સમાપ્તિ થઈ. પછી સર્વેને શ્રીજીમહારાજે પ્રસાદી આપી ઉતારે જવાની આજ્ઞા આપી ને શ્રીહરિ પોઢી ગયા.

અન્નકૂટનો દિવસ આવ્યો. પ્રાતઃકાળમાં વહેલા ઊઠીને ભગવાન શ્રીહરિ સંતો, બ્રહ્મચારી, પાર્ષદો તથા સખાઓને સાથે લઈને રામકુંડમાં સ્નાન કરી, પોતાનું નિત્યકર્મ કરીને ઢોલિયે બેઠા. ત્યાં લાધીબા આવ્યાં નમસ્કાર કરીને કહેવા લાગ્યાં : "હે મહારાજ ! અન્નકૂટની સર્વે સામગ્રી તૈયાર થઈ ગઈ છે માટે તમો પધારો." તરત જ ભગવાન શ્રીહરિ સુંદર શ્વેત વસ્ત્રો ધારણ કરીને પાર્ષદો તથા સંતોને સાથે લઈને પોતાના ઉતારાથી નીકળ્યા. પાકશાળા બે હતી તેથી મહારાજ બે સ્વરૂપે થયા. એક સ્વરૂપે પાર્ષદોને સંગાથે લઈને બાઈઓની પાકશાળામાં પધાર્યા, ને બીજે સ્વરૂપે સર્વે સંતોને સંગાથે લઈને ભાઈઓની પાકશાળામાં પધાર્યા. તે વખતે બાઈઓ જાણે જે, મહારાજ પહેલા અમારી પાસે આવ્યા છે. ને ભાઈઓ જાણે જે, મહારાજ પહેલા અમારી પાસે આવ્યા છે.


શ્રીજીમહારાજે બાઈઓની પાકશાળામાં બાલમુકુંદજીની મૂર્તિને સિંહાસન ઉપર પધરાવીને તેમની આગળ સુંદર સોનાના થાળમાં દૂધપાક, બાસુંદી, શીખંડ, સાકરનો શીરો, મોહનથાળ, મેસુબ, સક્કરપારા, પેંડા, મોતીયા, જલેબી,આદિક અનેક પ્રકારનાં ભોજનોના થાળ મુક્યા. ભકતો થાળ બોલવા લાગ્યા. તે સમયને વિષે સર્વે જનોને જોતાં બાલમુકુંદજીની મૂર્તિને વિષે શ્રીહરિ લીન થઈ અને સર્વે અન્નકૂટ જમે છે, એવાં સર્વે ભક્તોને દર્શન થયાં. તે સમયને વિષે અનંત મુક્તો પણ દિવ્યરૂપે શ્રીહરિની

પ્રસાદી લેવા આવ્યા હતા.

એવી જ રીતે ભાઈઓની પાકશાળામાં શ્રીહરિએ બાલમુકુંદની મૂર્તિ આગળ અન્નકૂટ પૂરાવીને તે મૂર્તિને પોતાની મૂર્તિને વિષે લીન કરીને થાળ જમતા દર્શન દીધાં હતાં, બન્ને જગ્યાએ, એક જ સમયમાં એવાં દર્શન આપ્યાં હતાં. તે દર્શન કરીને સર્વે પોતાને ભાગ્યશાળી માનવા લાગ્યાં. આવી રીતે શ્રીજીમહારાજ બન્ને પાકશાળામાં જમી ચળુ કરી મુખવાસ લઈ, પછી એક સ્વરૂપે થઈને સભામાં પાટ ઉપર આવીને વિરાજમાન થયા. પછી સંતો તથા પાર્ષદોને જમવાની મહારાજે પંક્તિ કરાવીને વારંવાર પીરસીને અતિ હેતે કરીને જમાડ્યા; ને હરિભક્તોની પંક્તિ કરાવીને તેમને પણ જમાડ્યા.

પછી મહારાજે સભામાં આવી બિરાજમાન થયા ત્યારે સર્વે સંતો તથા હરિભક્તો મહારાજની પૂજા કરી ભેટો આપી છે. એવી રીતે શ્રીહરિએ ભુજનગરમાં રહીને લાધીબાને ત્યાં અન્નકૂટનો મોટો ઉત્સવ કર્યો હતો.

## -: જ્ઞાન સરિતા :-



**આડી ચાવી**

૧. દરેક કાર્યમાં પ્રથમ પૂજ્ય - ૩
૩. ગણપતિજીનું એક નામ - ૪
૫. શહેરનો પર્યાય - ૩
૬. એક પછી એક, જલદીથી - ૪
૭. ગણેશજીના ૧૦૮ નામમાંથી - ૪
૯. સુંદર મુખવાળા છે તે - ૩
૧૧. તપસ્વીનું નિવાસ્થાન - ૪
૧૨. કમીટી, મંડળ રચના - ૩

**ઉભી ચાવી**

૧. જેમનું મુખ હાથીના જેવું છે તે - ૪
૨. મંગળા પછી થતી આરતી - ૪
૩. વિશાળ અને કદાવર છે તે - ૩
૪. ભગવાન વામનજીના પિતા - ૩
૭. જેમની તુલના કરી શકાતી નથી - ૩
૮. ઠાકોરજીને પોઢાડવા તે - ૩
૯. સમુદ્ર મંથનનું ચૌદમું રત્ન - ૪
૧૦. પક્ષીઓના રાજા - ૪

### શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેશાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજી ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે-યુ.એસ.એ. (અમેરિકા)
૨૫૧- પ.ભ. અનુપ વિજય ભુડિયા જન્મદિવસ નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર
૩૦૦- પ્રેમવતી વાસ્તુ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે-રાજેશ નીસર-મુંબઈ
૫૦૦- રીનાબેન વાલજી વેકરીયાના શુભ લગ્ન પ્રસંગે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે હસ્તે-વાલજીભાઈ-મદનપુર
૨૦૦- પરબત હરજી પિંડોરીયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - માધાપર
૧૦૦૦-અ.નિ.દેવજીભાઈ કરસન વરસાણી ધ.પ.સુંદરબાઈ માધાપર ગામે પંચાહ્ન પારાયણ પ્રસંગે - માધાપર-નવાવાસ
૨૦૦- મેઘજીભાઈ નાનજી સાંખલા શ્રીનરનારાયણદેવની ધજા અને મહાપૂજા કરાવી તે નિમિત્તે - નેત્રા
૨૫૧- અ.નિ.માનબાઈ રામજી જેશાણી હ-રામજીભાઈ શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૫૧- રામજી વાલજી જેશાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા
૨૦૦- ખીમજી માવજી માંડાણી શ્રાવણમાસ નિમિતે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

# અક્ષરવાસ નોંધ

પ.ભ. ગોવિંદભાઈ દેવાભાઈ ચામરીયા ઉંમર-૪૩ તથા એમના સુપુત્ર અક્ષય ઉંમર-૧૦ તથા તેમના સાથી મિત્ર પ્રકાશભાઈ ઉંમર-૩૦, દિનાંક ૨૪/૮/૨૦૨૪ શનિવારના રોજ શ્રીજીમહારાજના ધામમાં સિધાવ્યા છે.

ગોવિંદભાઈ અને અક્ષયના અક્ષરનિવાસથી ભુજ મંદિરના મહંત સ્વામી તેમજ વડીલ સંતોએ શોક વ્યક્ત કરેલ છે, નાની વયમાં અકસ્માતમાં ધામમાં જવાથી એમના પરિવારને પણ ધીરજતા આપી હતી. ગોવિંદભાઈ ભુજ મંદિરના સાચા સેવક થઈ નિષ્ઠાપૂર્વક સમર્પણ ભાવથી સત્સંગની તન, મન, ધનથી ખૂબ જ સેવા કરી છે. કચ્છ શ્રીનરનારાયણદેવ યુવક મંડળના જેઓ સંચાલક રહી યુવાનો અને બાળકોને ખૂબ જ પ્રોત્સાહન આપતા. સત્સંગમાં તેમજ સમાજમાં ખૂબ જ ખોટ પડી છે પણ મહારાજને ગમ્યું એ ખરું એમના પરિવારને શ્રીનરનારાયણદેવ હિંમત આપે એજ પ્રાર્થના.

-તંત્રીશ્રી

---

શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥ શ્રી નરનારાયણાય નમઃ ॥

### ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિર દ્વારા આયોજીત

# સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ પારાયણ જ્ઞાનયજ્ઞ એવમ્ નારાયણ યજ્ઞ મહોત્સવનું આયોજન

| | | | |
|---|---|---|---|
| પોથીયાત્રા : સં. ૨૦૮૧, ફાગણ વદ ૧૪, શુક્રવાર , તા. ૨૮-૩-૨૦૨૫ | કથા પ્રારંભ : સં. ૨૦૮૧, ફાગણ વદ અમાસ, શનિવાર, તા.૨૯-૩-૨૦૨૫ | કથા સમાપ્તિ સં.૨૦૮૧, ચૈત્ર સુદ-૭, શુક્રવાર, તા.૪-૪-૨૦૨૫ | નારાયણ યજ્ઞ : સં. ૨૦૮૧, ચૈત્ર સુદ-૮, શનિવાર , તા. ૫-૪-૨૦૨૫ |

ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન શ્રી નરનારાયણદેવ, શ્રી હરિકૃષ્ણ મહારાજ, શ્રી રાધાકૃષ્ણદેવ, શ્રી ઘનશ્યામ મહારાજની પરમ કૃપા તથા મહંત સદ્ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી આદિ બ્રહ્મનિષ્ઠ સંતોની આજ્ઞાથી આગામી તા. ૨૮-૩-૨૦૨૫ થી તા. ૪-૪-૨૦૨૫ સુધી સમૂહ શ્રીમદ્ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જે કોઈ સત્સંગી-હરિભક્ત, ધર્મપ્રેમીઓ પોતાના પિતૃઓના મોક્ષાર્થે, પ્રિય સ્વજનોની ચિરઃશાંતિ માટે, પોતાના જીવના કલ્યાણાર્થે પોથી રાખવાની હોય તો ભુજ શ્રી સ્વામિનારાયણ મંદિરના કોઠારમાં નામ નોંધાવી જવા.

**એક પોથીના રૂા. ૨૫,૦૦૦/- પોથી યજમાનનું નામ કંકોત્રીમાં છાપવામાં આવશે.**
**૧ પોથી પાછળ ૨ વ્યક્તિના નામ તથા હસ્તે ૧ વ્યક્તિનું નામ છપાશે.**

**નારાયણયાગમાં ૧ પોથી પાછળ ૧ જોડલું બેસી શકશે.**

**૧ પોથી યજમાનશ્રીને બે ટાઈમ ભોજનપ્રસાદ માટે ૧૦-૧૦ પાસ આપવામાં આવશે.**
**સંહિતા પાઠમાં વ્યક્તિગત પોથી ઉપર બ્રાહ્મણ નહીં હોયતેમાં પવિત્ર બ્રાહ્મણ દ્વારા સંહિતા પાઠ વાંચવામાં આવશે.**

**જેના નિમિત્તે કથા હોય તે વ્યક્તિનો નાનો ફોટો (૮ ટ૧૨ સાઇઝ) તથા**
**સુખડનો હાર લાવી શકાશે સાથે ડીશ, કળશીયો, વાટકો તથા ચમચી, નેપકીન સાથે લાવવાના રહેશે.**

: કથા સ્થળ :

શ્રી સ્વામિનારાયણ મંદિર, શ્રી સ્વામિનારાયણ રોડ, તીર્થધામ ભુજ-કચ્છ. ફોન નં. ૭૫૬૭૬૦૮૦૦૦

|| શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ||    ટ્રસ્ટ રજી. નં. A ૨૩ (કચ્છ)

# શ્રી સ્વામિનારાયણ મંદિર-ભુજ (કચ્છ)

## Shree Swaminarayan Temple - Bhuj

Shree Swaminarayan Road, Bhuj-Kutch-370 001. M.: 75676 07000 / 75676 08000

તા. ૨૯-૦૮-૨૦૨૪



### શોક સંદેશ

**પ્રતિ...**

**ધ્રુવ, કીર્તન અને દર્શક સહપરિવાર - મોંબાસા**

**મોમ્બાસા સ્થિત કચ્છના મોટા દાનવીર શ્રી હસુભાઈના નિધનથી સંપ્રદાય અને સમાજે એક અનન્ય સેવાભાવી હરિભક્ત ગુમાવ્યા છે**

કચ્છી લેવા પટેલ સમાજના સેવાભાવી દાતાર શ્રી હસમુખભાઈ કાનજી ભુડિયા કે જેઓ કચ્છ, ગુજરાત અને વિદેશોમાં શિક્ષણ, આરોગ્ય, ધાર્મિક કાર્યોની સાથે દરેક સમાજ માટે નિષ્ઠાપૂર્વક સેવાઓને પોતાના જીવનનો મંત્ર બનાવી અસંખ્ય પરોપકારી કાર્યો કરતા આવ્યા છે તેમની સેવા અને સમર્પણ ભકિત સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાય અને સમાજમાં જગવિખ્યાત હતી. તેમના નિધનથી સંપ્રદાય અને સમાજે સાચા અર્થમાં એક સેવાભાવી સત્સંગી હરિભકતને ગુમાવ્યા છે.

આ અત્યંત દુઃખદ સમાચાર મળતાં ભુજ મંદિરના મહંત સ.ગુ. પુ. સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી પુ. ભગવદ્જીવનદાસજી, કોઠારી પાર્ષદ જાદવજી ભગત, સંત કોઠારી સ્વામી નારાયણમુનિદાસજી, કાર્યવાહક વહીવટી સંત શ્રી દેવપ્રકાશદાસજી, મુખ્ય કોઠારી શ્રી મુરજીભાઇ કરસન શીયાણી, ઉપકોઠારી શ્રી જાદવજીભાઇ વિશ્રામ ગોરસીયા, સલાહકાર સમિતિના શ્રી રામજીભાઇ દેવજી વેકરીયાં વિ. એ ઉંડા શોકની લાગણી સાથે શ્રધ્ધાસુમન વ્યકત કરતાં જણાવ્યું હતું કે, તેમના કાર્યોને સદૈવ સંપ્રદાય અને સમાજના લોકો યાદ કરશે. તેમના નિધનથી સંપ્રદાય અને સમાજે સેવાભાવી હરિભકત ગુમાવ્યા છે. તેમના પરિવારજનો પર આવી પડેલ આ વિપદાની ઘડીમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ તેમને શકિતપ્રદાન કરે અને પિતાશ્રીએ જે સેવાનો માર્ગ અપનાવેલ તે માર્ગ પર અવરિતપણે અગ્રેસર રહે તેવી શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના.



પુરાણી સ્વામી ધર્મનંદનદાસ

(પુ. સ્વામી ધર્મનંદનદાસજી)
મહંત
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ

**નોંધ :-** **પ. ભ. હસમુખભાઇ કાનજી ભુડિયા દ્વારા થયેલ એક અથવા બે ત્રણ સેવા, પરોપકારના કાર્યોનો લીસ્ટ હોય તો ગણાવી શકીએ પણ જેમનું જીવન જ પરોપકારમય હતું એમના કાર્યોની ગણતરી થઇ ન શકે. છતાં થોડા કાર્યોની આછી ઝલક આવતા અંકે જણાવિશું. તંત્રીશ્રીના જય શ્રી સ્વામિનારાયણ.**

RNI NO. GUJ/GUJ/2001/5643 Shree Swaminarayan Dharmasandesh POSTAL REGD. NO. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP LIC NO. G-PMG-RJT/011/2024/UPTO 31-12-2024







ભુજ મંદિરના મહંત સ્વામીનો શોક સંદેશ સાથે અ. નિ. પ. ભ. હસમુખભાઇ ભુડિયાના પાર્થિવ શરીરની અંતિમ વિદાયવેળાયે પરિવારને દર્શન તથા આશ્વાસન આપવા પધારેલા ભુજ મંદિરના ઉપમહંત સ. ગુ. સ્વામી ભગવદ્જીવનદાસજી તથા પ્રસાદી મંદિરના મહંત સ. ગુ. સ્વામી બાલકૃષ્ણદાસજી - મોંબાસા- આફ્રિકા.









ભુજ મંદિરના મહંત સ. ગુ. સ્વામી ધર્મનંદનદાસજી પ. ભ. હસમુખભાઇને સમયે સમયે એમના દ્વારા કરાયેલ સત્કાર્યોના ફળ સ્વરૂપે આશીર્વાદ, હિંમત અને શ્રી નરનારાયણદેવની સેવા સાથે માતા પિતાની યાદમાં કરાયેલ સત્કાર્યોને આવકારેલ છે.